દીપોત્સવી વિશેષાંક

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

* નવેમ્બર ૨૦૨૦ * વર્ષ ૩૫ * અંક ૮





॥ સ્વામી શ્રીજી ॥


સૌ વ્હાલા અક્ષરમુક્તો...
નવાવર્ષના પ્રારંભે અમો સૌ સંતો,
ભક્તોના હૃદયના ભાવથી
જયશ્રી સ્વામિનારાયણ!

**નૂતન વર્ષાભિનંદન!**

॥ સ્વામીશ્રીજી ॥



નૂતન વર્ષાભિનંદન !



# વિક્રમ સંવત ૨૦૭૭ના નૂતનવર્ષારંભે સંતભગવંત સાહેબજીની દિવ્ય શુભાશિષ !

*Swami Shriji*

।। સ્વામીશ્રીજી ।।

Anoopam Mission

નૂતન વર્ષાભિનંદન !

૧૬ નવેમ્બર, ૨૦૨૦

સર્વ વ્હાલા અક્ષર મુક્તો...

જયશ્રી સ્વામિનારાયણ ! નૂતન વર્ષાભિનંદન!

સંવત - ૨૦૭૭નું શરૂ થતું આ નવું વર્ષ આપણ સૌ માટે સર્વરીતે સુખદાયક- આનંદમય બની રહો... સારૂંએ વર્ષ પ્રભુના કાર્યમાં મન-કર્મ-વચનથી સમર્પિત થઈ ભક્તિમય રહી, પ્રભુની અંતરની પ્રસન્નતાનાં પાત્રો બની હસતાં-રમતાં તન-મન-ધન અને આત્માથી સુખીયા બની રહીએ તેવા ગુરૂચરણે-પ્રભુચરણે આપણ સૌની પ્રાર્થનાઓ છે. રાજી રહેશો.

સૌ સંતો-મુક્તોવતી આપના જ
અશ્વિનભાઈ, શાંતિભાઈ સાથે
જશભાઈના ભાવથી જયશ્રી સ્વામિનારાયણ !

।। નૂતન વર્ષાભિનંદન ।।

કાર્તિક-પડવો
૨૦૭૭

**Anoopam Mission India**
Brahmajyoti
Yogiji Marg
Mogri-388 345
Dist. : Anand
Gujarat, India
Tel: 02692 230483, 230544
Fax: 02692 235660
Email: amindia@anoopam.org
**www.anoopam.org**

**Public Trust Regd. No. E/1390/Anand. Dt. 03-09-2001**
**(Original Regd. No. E/2422/Kheda/Dt. 13-8-1976)**







# પ્રભુના પ્રભાવમાં બધા સુખિયા સુખિયા રહે તેવું આપનું સામ્રાજ્ય સ્થપાય તેવી નવા વર્ષના પ્રારંભની પ્રાર્થના !

~ સંતભગવંત સાહેબજી

(શ્રી અન્નકૂટોત્સવ, ૧૫ નવેમ્બર ૨૦૨૦)

**૨૦૭૬ના અન્નકૂટના આ દિવસે શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં અમારા સૌ સંતો અને આપણા સૌ ભક્તો વતીથી પ્રભુને પ્રાર્થના કરવી છે...**

- "હે પ્રભુ ! ૨૦૭૬ના વર્ષમાં આપ અંતરથી રાજી ના થાવ તેવાં વિચાર-વાણી-વર્તન અમારાથી થઈ ગયાં હોય. અમહિમા-ભાવફેર-ઘસારામાં જાણે-અજાણે પડી જઈ આપને ના ગમે તેવું કર્યું હોય, બોલાયું હોય, વર્તાયું હોય, જોવાયું હોય, દેખાયું હોય. આપે જે અમારામાં વિશ્વાસ મૂક્યો છે તે વિશ્વાસ તમારો સાચો ઠરે તેવું અમે જીવન ના જીવ્યા હોઈએ. આપ જે કરાવવા માગો છે તે કરવામાં અમે આળસ-પ્રમાદ ને ગાફલાઈને લઈને ઊણા ઊતર્યા હોઈએ. સંપ-સુહૃદભાવ ને એકતા રાખી, હળીમળીને કામ ના કરી શક્યા હોઈએ. અને આપનું શોભે તેવું ના થઈ શક્યું હોય; તો આ બધાં માટે આ ૨૦૭૬ના વર્ષના છેલ્લા દિવસે સૌ સંતો વતી, સૌ ભક્તો વતી, સમગ્ર અનુપમ મિશન પરિવાર, ગુણાતીત સમાજ પરિવાર વતીથી આપના ચરણોમાં ગદ્‌ગદ કંઠે માફી માગીએ છીએ. ક્ષમા કરજો, માફ કરજો !
- જેવા છીએ તેવા અમે તમારા દીકરાઓ છીએ. જેવી આવડે એવી આખું વર્ષ હાંહાંગડથલરૂપ સેવા કરી છે. આપ રાજી થાવ તેવો આલોચ રાખીને સંતો ને ભક્તો બધા મંડ્યા છે. આપ તો ઉદાર છો, દયાળુ છો, અધમ-ઉદ્ધારણ છો, પતિત પાવન છો, કરુણાના સાગર છો ! ખરેખર, આપ તો એ બિરુદ પ્રમાણે અખંડ કૃપાદૃષ્ટિ રાખી રહ્યા છો, પણ વિચાર-વાણી-વર્તનથી અમારી કાંઈ પણ એવી ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો.
- કેવળ ને કેવળ આપના થઈને જીવવા, આપનામાં રહીને કામ કરવા અને આપના સિવાય કશામાં ના ચોંટીએ એવું જીવન જીવતા કરવા માટે આપે આ માનવદેહ આપ્યો છે. યોગીબાપા કહેતા, 'ફરી કેમ આવવું પડે છે ?' માહાત્મ્યની કસર ટાળવા. તો એ માહાત્મ્યની કસર ટાળવા માટે આપ સાથે લાવ્યા છો તો આ દેહે કરીને હસતા-રમતા-ખેલતા-કૂદતા આપની સેવા કરતા કરતા આપની પ્રસન્નતાનું પાત્ર બની અને એ માહાત્મ્યની કસર અમારી ટાળી દેજો એવી નવા વર્ષના પ્રારંભની અમારી પ્રાર્થનાઓ છે !
- અશ્વિનભાઈ, શાંતિભાઈ, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી-મુકુંદજીવન સ્વામી જેવા ખરેખર અદ્‌ભુત ઓલિયા સંતોની આપે અમોને ભેટ આપી છે. તેઓ આપનાં પ્રત્યક્ષ ને પ્રગટ સ્વરૂપો છે, એ ભાવ લાવીને એમનાં દર્શન કરીએ. જેમની સાથે અમને જોડ્યા છે તેમની બે હાથ જોડીને આજ્ઞા પાળીએ. અને આપના સૌ આશ્રિતોની પ્રભુના ભાવથી, આપના ભાવથી કેવળ ને કેવળ એક આપને જ પ્રસન્ન કરવાના ભાવથી નિર્દોષભાવે સેવા-ભક્તિ રાખીએ. સુહૃદભાવભરી અરસપરસ હળીમળીને એકમના થઈને એકબીજાને મદદરૂપ થઈને આપની ભક્તિ કરીએ અને એ માટે જે કરવું પડે તે કરીએ. અમારા ભાવો જે મૂકવા પડે તે મૂકીને પણ આપને રાજી કરવા એવો દૃઢ સંકલ્પ અમારો આ નવા વર્ષની શરૂઆતમાં કરીએ છીએ. તો એ પ્રમાણે વર્તવાનું બળ, બુદ્ધિ ને પ્રેરણા અમ સૌને આપજો.
- દેશ-પરદેશમાં હજારો માઈલ દૂર બધા રહે છે. અંતરથી ઘણા દૂર છે, ઘણા નજીક છે, ઘણા સાથે છે પણ એ સર્વનો ભાવ એક આપને રાજી કરવાનો છે. એ ભાવને કારણે અંદરથી એવી અનુભૂતિ થાય છે કે, જાણે સાથે જ રહીને ભક્તિ અદા કરીએ છીએ. તો આવો ભાવ કાયમ રહે. દેશ-પરદેશમાં વસતા સર્વ ભક્તો ૨૦૭૭ના વર્ષમાં ભક્તિ, શક્તિ, સમૃદ્ધિથી છલકાતા બની કુટુંબે સહિત સૌને સુખિયા કરજો, સુખિયા-સુખિયા કરજો.
- આ ૨૦૭૬ના વર્ષમાં કોરોનાએ પોતાનું ગાડું હલાવ્યું, પણ ૨૦૭૭ના વર્ષમાં એને અને કળિયુગના પ્રભાવમાંથી સમગ્ર વિશ્વને મુક્ત કરો. જેમને જેમને કોરોના થયો છે તે બધા સાજા-નરવા થઈ જાય અને જેને થયો નથી તે સૌને આપનું રક્ષણ મળે અને થાય નહિ એવી આપના ચરણોમાં સૌ સંતો અને સૌ ભક્તો વતીથી અમારી ગદ્‌ગદભાવે આ ૨૦૭૬ના છેલ્લા દિવસે ને આવી રહેલા નવા વર્ષના પહેલા દિવસે પ્રાર્થના કરીએ છીએ !

❀ પ્રભુ આપ દયાળુ છો, કૃપાળુ છો, અધમ-ઉદ્ધારણ છો, પતિતપાવન છો ! અમારા કોઈ દોષ જોયા વગર કેવળ કૃપા વરસાવ્યે જ રાખો છો. તો આવી અખંડ કૃપા વરસાવ્યા કરજો. દેશ-પરદેશમાં વસતા સૌ સંતો, ભક્તો, મુક્તો ખરેખર આપના તરફ ભક્તિ અદા કરી રહ્યા છે. ગાંડીઘેલી જેવીતેવી પણ એ ભક્તિને આપ બહુ મોટી માનીને અમારા પર કૃપા વરસાવો છો. આપ ૧૪મી મે, ૧૯૬૬માં આશીર્વાદ આપતાં બોલ્યા કે, 'તમને સંસારમાં જવા નથી દેવા, તમને સૌને સાધુ બનાવવા છે. ભગવાં કપડાં નથી આપવા. તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.' બસ બાપા, આપના એ આશીર્વાદ અમારા સૌ સંતો દેશ-પરદેશમાં જ્યાં છે ત્યાં, અમે સંતો ગમે તેવા છીએ, તમારું માનીએ-ના માનીએ, તમારી આજ્ઞા પાળી હોય-ના પાળી હોય, એક થઈને જીવન જીવીએ-ના જીવીએ; એ કશું જોયા વગર પ્રભુ, આપે જે આશીર્વાદ આપ્યા છે કે, 'તમારું હૃદય ભગવું કરવું છે.' તો આ દેહે કરીને એવી સાધુતા સૌ સંતોમાં ખીલી ઊઠે. વિચાર-વાણી ને વર્તનમાં એ સાધુતા એવી પ્રવાહિત થાય કે, જેના દ્વારા આપનો અને શાસ્ત્રીજી મહારાજનો અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના વિશ્વના ફલક પર પ્રવર્તાવવા માટેનો જે દાખડો છે તે ઉપાસનાનું કાર્ય સંતો દ્વારા અને સાધુ જેવું જીવન જીવતા એવા સમર્પિત ભક્તો દ્વારા ચાલુ રહે, વહેતું રહે. એવા અમ સૌ સંતોને અને સમગ્ર અનુપમ મિશન પરિવાર ને ગુણાતીત સમાજના સર્વ અક્ષરમુક્તોને આપ આ નવા આવી રહેલા વર્ષના આશીર્વાદ વરસાવજો.

❀ ખરેખર, આપ ખૂબ ખૂબ કૃપા કરીને આ ધરતી પર મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને લઈને આવ્યા. અને એ જ અક્ષરપુરુષોત્તમના સાકાર સ્વરૂપ સંત દ્વારા પ્રગટ હોઈશ, હોઈશ ને હોઈશ... એ વરદાન આપ્યાં અને એવા સંતો દ્વારા પ્રગટ રહી એની ઓળખાણ અમને કરાવી. એ માર્ગે આપ અમને ચલાવી રહ્યા છો, આપની કૃપાનો પાર નથી ! તો આવી અખંડ કૃપા અમારા પર વરસાવ્યા કરજો.

❀ ૨૦૭૭નું વર્ષ સર્વ મંદિરો માટે, સર્વ ભક્તો માટે, સર્વ સંતો માટે ખરેખર ખૂબ ખૂબ ઉત્સાહ, ઉમંગથી ભક્તિ કરવા માટે અને સર્વને સુખી થવા માટે ખૂબ અદ્‌ભુત બની રહો એવી આપના ચરણોમાં પ્રાર્થના !

❀ સમગ્ર ભારતવર્ષમાં શાંતિ સ્થપાય, સંવાદિતા સ્થપાય, એકતા સ્થપાય. ૧૨૫ કરોડની વસ્તીના લોકોને પ્રભુ કૃપાદૃષ્ટિ કરીને સૌને સુખિયા કરજો, સૌને સુખિયા કરજો, સૌને સુખિયા કરજો ! અને શાંતિ સ્થપાય ને આનંદપૂર્વક આપનું સામ્રાજ્ય સ્થપાય, કળિયુગ ને કોરોનાનો પ્રભાવ નષ્ટ થાય અને પ્રભુના પ્રભાવમાં બધા સુખિયા, સુખિયા રહે તેવું આપનું સામ્રાજ્ય સ્થપાય તેવી આપના ચરણોમાં નવા વર્ષના પ્રારંભની અને ૨૦૭૬ના જઈ રહેલા વર્ષની શાંતિભાઈ, અશ્વિનભાઈ, મનોજભાઈ, હર્ષદભાઈ, રતિકાકા ને સૌ સંતો ને સમગ્ર વિશ્વના અમારા સૌ ભક્તો વતીની આપના ચરણોમાં અમારી કાકલૂદીભરી પ્રાર્થનાઓ છે ! હે પ્રભુ, રાજી રહેજો, રાજી રહેજો, રાજી રહેજો ! સદાય કૃપાદૃષ્ટિ રાખજો એવી પ્રાર્થના !

❀ નવા વર્ષનાં સૌને અભિનંદન ! દેશ-પરદેશમાં વસતા સર્વ વહાલા ભક્તો નિશ્ચિંત રહેજો. હવે કોરોના જાય છે. ભગવાનનો પોતાનો સંકલ્પ છે, ૨૦૭૭નું નવું વર્ષ આપણા માટે ખૂબ ખૂબ સરસ બની રહેશે. પ.પૂ. મહંત સ્વામી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામી, પ.પૂ. ગુરુજી, પ.પૂ. અશ્વિનભાઈ, પ.પૂ. શાંતિભાઈ જેવા સંતોનો સંકલ્પ છે કે, બધા સંતો-ભક્તો સલામત રહે. આખો દેશ ને આખી દુનિયાના માનવો ભક્તિ ભૂલ્યા હતા, સાયન્સ-ટૅક્નોલૉજી, સુખ-સુવિધા દ્વારા પોતાના બળે જીવતા હતા. એક જ ઝાપટમાં માણસને પોતાની મર્યાદા ભગવાને બતાવી દીધી અને પ્રભુસન્મુખ કરી દીધા; તે મોટું કામ કરીને કોરોના જઈ રહ્યો છે.

❀ ભગવાનને સૅન્ટરમાં રાખીને જીવન જીવીએ, ભગવાનને એ કરાવવું છે. પછી તમે ઇન્કમટૅક્સ કમિશ્નર બનો, પ્રાઇમ મિનિસ્ટર બનો, નાનામાં નાનો સેવક બનો, ખેડૂત બનો, વેપારી બનો, ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ બનો, પ્રૉફેસર બનો, વિદ્યાર્થી બનો, ગૃહસ્થ બનો, સંત બનો - જે કરવું હોય તે કરો, પણ મુખ્ય ભગવાન જેના જીવનમાં હશે, ભગવાનને રાજી કરવાનો જેના હૈયામાં ભાવ હશે, ભગવાનના થઈને જીવન જીવવાનો જેને આલોચ હશે તે સર્વ બધાંથી પર બની સુખિયા સુખિયા બની રહેશે; એવો સ્વામિનારાયણ ભગવાનનો, ગુણાતીતાનંદ સ્વામીનો, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો સંકલ્પ છે. એ સંકલ્પ આપણા સૌનાંય જીવનમાં સાકાર થઈ રહ્યો છે એનો આનંદ છે ! સૌને ફરીથી તને, મને, ધને, આત્માએ કરીને ભક્તિ, શક્તિ, સમૃદ્ધિથી છલકાતા બની, ભક્તિમય બની ખૂબ ખૂબ સુખિયા રાખે એ માટે ૨૦૭૭ના નવા શરૂ થતા વર્ષની પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ છે ! સૌ રાજી રહેજો ! જય સ્વામિનારાયણ ! ◆




## સંતભગવંત સાહેબજી સંગે, દિવ્ય નવયુગ આરંભે

# બ્રહ્મજ્યોતિથી વિશ્વસમસ્તમાં પ્રસરેલી ભક્તિભાવની દીપજ્યોતિ

## બ્રહ્મજ્યોતિમાં પ્રકાશપર્વોના દિવ્ય શુભારંભ

વિ.સં. ૨૦૭૬નું વર્ષ સૌ સંતો-ભક્તો માટે અનેક રીતે વૈવિધ્યસભર રહ્યું અને એ જ રીતે આ વર્ષે દીપોત્સવીનાં પ્રકાશપર્વો પણ નૂતન પદ્ધતિથી આયોજાયાં ને ઉજવાયાં. વિશ્વવ્યાપી કોરોના મહામારીના કારણે સરકારી સૂચનાઓનાં સંપૂર્ણ પાલન સાથે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી ઑનલાઈન માધ્યમથી આ પર્વો ઉજવાયાં અને ઉજવણી અત્યંત ઐતિહાસિક બની રહી.

શ્રી નૂતન મંદિરજી અને આખા પરિસરને સંતો અને યુવાન સ્વયંસેવકોએ રોશની, રંગ અને કલાત્મકતાથી સજાવી દીધાં. પર્વોના શુભારંભથી લઈને વિવિધ ઉજવણી માટેની સઘળી વ્યવસ્થા સંતભગવંત સાહેબજીનાં દિવ્ય માર્ગદર્શન અનુસાર સુંદર રીતે સંપન્ન થઈ. અનુપમ મિશનનાં દેશ અને પરદેશનાં મંદિરો, તમામ મુખ્ય કેન્દ્રો, પ્રદેશો અને મંડળોના સૌ સંતો-ભક્તો સામૂહિક ઉજવણી કરી શકે તેવાં દિવ્ય આયોજન થયાં.





તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પ્રકાશપર્વોના દિવ્ય શુભારંભે અક્ષરમહોલમાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં દિવ્ય દર્શન-આશીર્દાન

૧૨ નવેમ્બર, ગુરુવાર-વાઘબારસના રોજ પારમિતા સભાખંડમાં શ્રી ઠાકોરજી સમક્ષ સંતભગવંત સાહેબજી મહારાજ અને સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યમાં અક્ષરનિવાસી સાધુ પૂ. ગોવિંદદાસજીની ત્રયોદશીની મહાપૂજા સંપન્ન થઈ. સંતભગવંત સાહેબજી શ્રી મંદિરજીમાં રાજભોગ આરતી અર્પણ કરવા અને શ્રી મંદિરજીના નીચલા મજલા-'અક્ષરમહોલ'માં દર્શન કરવા પધાર્યા. અહીં સાંજે થનાર દીપોત્સવી ઉદ્‌ઘાટન માટેની સઘળી વ્યવસ્થા નિહાળી સાહેબદાદાએ પ્રસન્નતા દર્શાવી તેમજ સદ્‌ગુરુ સંતો પાસે 'પૂજાનાં પાન', નૂતન કૅલેન્ડરની પૂજનવિધિ કરાવી. સાહેબજી મધ્યમાં નિજ આસને બિરાજમાન થયા અને એકાએક સાહેબજીના સ્વમુખે દીપાવલીના શુભ પ્રારંભે સૌનું શુભ થાય, સૌને નિરામય સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તેવાં અદ્‌ભુત પ્રાર્થના-આશીર્વાદ વહ્યાં. સાહેબદાદાની આજ્ઞાથી સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ પણ આશીર્વાદ પાઠવ્યા. અંતે સૌએ ભેગા મળી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. વિશેષમાં, સાહેબદાદાએ દીપાવલીનાં પર્વો સર્વત્ર પ્રકાશ પાથરે અને કોરોનાકાળ વિદાય લે તેવી પ્રભુ સમક્ષ ભાવપૂર્વક પ્રાર્થના કરી, ધૂન કરાવી.

સાંજે પ્રકાશપર્વોના શુભારંભ પૂજાનાં પાન, કૅલેન્ડર અને શ્રી વહીઓનાં પ્રતીકાત્મક પૂજન કરી તથા દીપ પ્રગટાવી થયા. અક્ષરમહોલમાં સુંદર સુશોભન થયાં હતાં અને અદ્‌ભુત વ્યવસ્થાઓ ગોઠવાઈ હતી, જેનાં દર્શન અલૌકિક સુખ પ્રદાન કરી રહ્યાં હતાં. સદ્‌ગુરુ સંતો, વડીલ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં સાધુ પૂ. ઉત્પલદાસજી, સાધુ પૂ. રાજુદાસજી, સાધુ પૂ. અશોકદાસજી તથા અનુપમ સૂરવૃંદના યુવાન સંતો અને ભક્તોએ અત્યંત ભાવવાહી શૈલીમાં સંપૂર્ણ પૂજાવિધિ કરાવી. સાધુ પૂ. પંકજદાસજીનો પ્રાગટ્યદિન હોવાથી તેઓએ તથા સાધુ પૂ. પીટરદાસજીએ દીપપ્રાગટય કર્યું ત્યારે મંત્રોચ્ચાર ગુંજી ઊઠયા. સાધુ પૂ. રમેશદાસજી, પૂ. ઘનશ્યામદાસજી બિરલા આદિ વડીલ સંતોએ પૂજનવિધિ કરી. સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. રતિદાદા, પૂ. હર્ષદદાદા તેમજ પૂ. મનોજદાસજીએ પુષ્પાંજલિ તથા આરતી અર્પણ કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ રૂડા આશીર્વાદ અર્પણ કરી પ્રગટ અને પ્રત્યક્ષની નિષ્ઠા સૌને દૃઢ થઈ જાય તેવી પ્રકાશ પર્વોના મંગલ પ્રારંભે શ્રી પ્રભુચરણે, શ્રી ગુરુચરણે મંગલ પ્રાર્થનાઓ ધરી. આ ઉદ્‌ઘાટન વિધિમાં દેશ-પરદેશના સંતો અને ભક્તો યુટ્યૂબના માધ્યમથી જોડાયા અને દિવ્ય દર્શન તથા આશીર્વાદનો લહાવો માણી આનંદ-ભક્તિમાં ગરકાવ થયા. ◆



પ્રકાશપર્વોના દિવ્ય શુભારંભ પ્રસંગે સદ્‌ગુરુ સંતો દ્વારા પૂજાનાં પાન, કૅલેન્ડર અને શ્રી વહીઓનાં પૂજન તથા આરતી અર્પણ

# દિવાળીના પાવન પર્વે શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન

૧૪મી નવેમ્બરનો દિવાળીનો દિવસ અત્યંત દિવ્યતાથી સભર રહ્યો. કોરોના મહામારીના લીધે આ વર્ષે સૌ ભક્તોએ ડિજિટલ માધ્યમથી જોડાઈ પોતપોતાના ઘરે શ્રી લક્ષ્મી પૂજન–શ્રી સરસ્વતી પૂજનની વિધિ કરી. આ માટે બ્રહ્મજ્યોતિ, મોગરીથી ઑનલાઈન માધ્યમથી સુંદર વ્યવસ્થા ગોઠવાઈ. આખી વિધિ સુંદર રીતે સંપન્ન થાય તે માટે અગાઉથી જ સંતોએ સુવ્યવસ્થિત આયોજનો કર્યાં હતાં. પૂજા માટેની સામગ્રી અને પૂજા દરમિયાન રાખવાની કાળજી અંગેની સૂચના સૌ ભક્તોને મોકલી આપી હતી, જે મુજબ સૌ યજમાન ભક્તોને સુંદર તૈયારીઓ કરી હતી. ઘર મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ સંતોના ડિજિટલ સાંનિધ્યે અદ્‌ભુત પૂજન વિધિ સંપન્ન થઈ. પરિવાર સહિત પૂજાવિધિમાં સહભાગી બનવાનો ધન્યભાવ અત્યંત આનંદપ્રદ તો હતો જ, સાથે સાથે આવા દિવ્ય લાભ માટે સૌના હૃદયે કૃતાર્થભાવ પણ હતા.

દીપાવલીની મંગલ પ્રભાતે અનુપમ મિશન ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડના ભક્તો અને યુ.એસ.એ. તથા કૅનેડાના પશ્ચિમ વિભાગના ભક્તોએ યુટ્યૂબના માધ્યમથી અનુપમ સૂરવૃંદ સાથે લાઈવ જોડાઈને શ્રી લક્ષ્મીપૂજન–શ્રી શારદાપૂજન વિધિ કરી. બ્રહ્મજ્યોતિ ખાતે બ્રહ્મમહોલમાં સંતોના દિવ્ય સાંનિધ્યે પ્રતિનિધિ સ્વરૂપે સ્થાનિક બે યુગલો નિકેતાબહેન–મિતેશભાઈ અને તૃપ્તિબહેન–પુલિનભાઈ યજમાન પદે બિરાજમાન થયાં. વિધિના પ્રારંભે સદ્‌ગુરુ સંત પૂજ્ય શાંતિદાદાએ આશીર્વાદરૂપે માહાત્મ્ય સાથે પૂજા કરવાની શીખ આપી. ત્યારબાદ, સૌ ભક્તોએ અત્યંત ભાવથી વિધિવત્ સમગ્ર પૂજા કરી. હાલમાં ઉપાસના ધામ, અમદાવાદ બિરાજતા સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ અર્પણ કર્યા. સંતભગવંત સાહેબદાદાએ રૂડો સંકલ્પ આશીર્વાદરૂપે લખી મોકલાવ્યો, જેનાં સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી દ્વારા પઠન થયાં. આમ, સવારે પ્રથમ સત્રમાં સંપૂર્ણ ભક્તિભાવ સાથે પૂજાવિધિ સંપન્ન થઈ.

સાંજે અનુપમ મિશનનાં ભારતનાં તમામ મંડળોના સૌ ભક્તો, યુ.કે., યુરોપ અને અમૅરિકા, કૅનેડાના પૂર્વ વિભાગના સૌ ભક્તોએ પણ યુટ્યૂબના માધ્યમથી અનુપમ સૂરવૃંદ સાથે લાઈવ જોડાઈ પૂજાવિધિનો લાભ લીધો. પ્રથમ સદ્‌ગુરુ સંત પૂ.મનોજદાસજીએ પૂજામહાત્મ્ય સમજાવી આશીર્વાદ પ્રદાન કર્યા. બાહ્ય સમૃદ્ધિ અને વેપારના હિસાબ સાથે પ્રભુ સંબંધી આંતર સમૃદ્ધિ અને માહાત્મ્યની લેવડદેવડ કરવારૂપ હિસાબનું સરવૈયું કાઢી તેનાં જતન કરવા સમજ આપી. પ્રતિનિધિ સ્વરૂપે સાધુ પૂ. હરસુખદાસજી–સાધુ પૂ. ઘનશ્યાદાસજી બિરલા તથા સ્થાનિક યુવાન ગૃહસ્થ દિવ્યેશભાઈ–કૃણાલભાઈ યજમાન પદે બિરાજમાન થયા. શ્લોક, ધૂન, કીર્તન આદિ સંગાથે અદ્‌ભુત પૂજાવિધિ સંપન્ન થઈ. સંકલ્પનાં પઠન થયાં, પ્રાર્થનાઓ ધરવામાં આવી, આરતી અને થાળ અર્પણ થયાં. બ્રહ્મજ્યોતિથી પ્રગટેલો બ્રહ્મપ્રકાશ સૌના આત્મામાં પણ પ્રકાશ્યો. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા અને સૌને વિશેષ રીતે ભક્તિ અદા કરવા બદલ બિરદાવ્યા. સૌની સુખાકારી માટે, સૌને નિરામય સુખ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થનાઓ કરી.

સવાર–સાંજ બંને પૂજાવિધિમાં સાધુ પૂ. ઉત્પલદાસજીએ પ્રમુખ આચાર્યપદે બિરાજી, પૂજાવિધિની સુંદર સમજણ આપીને સમગ્ર પૂજાવિધિ કરાવી સૌને અદ્‌ભુત લાભ આપ્યો. સાધુ પૂ. રાજુદાસજીએ બ્રહ્મમહોલમાં સુશોભન, પૂજાવ્યવસ્થા આદિ દ્વારા અદ્‌ભુત સેવા–ભક્તિ અર્પણ કરી. સાધુ પૂ. નીરવદાસજી તથા સાધુ પૂ. સૌમ્યદાસજીએ વિડિયો અને ઑડિયોનું ટૅક્નિકલ સંકલન સાધી સમગ્ર વિશ્વના ભક્તોને પૂજાવિધિમાં જોડી પ્રકાશપર્વોનો સુંદર લાભ અપાવ્યો. સૌની ભક્તિને વંદન ! ◆







શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન વિધિમાં બિરાજમાન આચાર્યો અને યજમાન સંતો–ભક્તો





## વિક્રમ સંવત ૨૦૭૬ની દીપોત્સવીના મંગલ પર્વે શ્રી લક્ષ્મીપૂજન તથા શ્રી શારદાપૂજનના શુભ અવસરે સાહેબદાદાના આશીર્વાદ સંકલ્પ...

શ્રી લક્ષ્મીપૂજન, શ્રી વહીપૂજન,
દીપાવલી-૨૦૭૬

સ્વામિશ્રીજી

હજારો માઈલના અંતરે રહેવા છતાં પણ પ્રભુભક્તિમાં રત રહી સદાય સાથે જ રહો છો તેવી અનુભૂતિ કરાવી રહેલા દેશ-પરદેશમાં વસવાટ કરતા સૌ વ્હાલા અક્ષરમુક્તો...

દીપાવલી સાથે શરૂ થતા નવા વર્ષની શુભ શરૂઆતનાં આ મંગલપર્વોના અમ સૌ સંતો-ભક્તોના ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! નૂતન વર્ષાભિનંદન !


કોરોના (કોવિડ-૧૯)ના કારણે વિશ્વ સમગ્રના માનવોનાં બજેટ ખોરવાઈ ગયાં છે. વિજ્ઞાન-ટેક્નોલૉજીની મદદથી સુખ-સુવિધાઓ ઊભી કરી તેમાં પોતાની રીતે રાચતા માનવને પ્રભુએ પોતાની મર્યાદાઓનું ભાન કરાવ્યું. આમાંથી હવે ઉગારનાર એક પ્રભુ જ છે તે જ્ઞાન થતાં માનવ પ્રભુભક્તિ તો કરતો જ હતો, પણ હવે પ્રભુબળે જીવતો થઈ રહ્યો છે તે આ વર્ષનું જમાપાસું છે. વિશ્વના માનવોનાં જીવન બદલાઈ રહ્યાં છે. આપણા સમૈયા-ઉત્સવોની પદ્ધતિ બદલાઈ ગઈ છે. તો પણ ડિજિટલ માધ્યમથી ઘરે બેઠાં બેઠાં પણ સહકુટુંબ જાણે મંદિરમાં જ છીએ તેવી અનુભૂતિ કરતા કરતા પ્રભુભક્તિનો હૈયામાં આનંદ માણી રહ્યા છીએ, તે કેવળ અને કેવળ આપણા પ્રભુની કૃપા જ છે !

સંવત-૨૦૭૬ના પૂરા થઈ રહેલ વર્ષના આ દીપાવલીના પર્વે શ્રી ઠાકોરજી-ગુણાતીત સંતોનાં સાંનિધ્યે પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ, સૌ સંતો-મુક્તોની હાજરીમાં આ મહાપૂજામાં દેશ-પરદેશમાં વસતા સૌ મુક્તો જોડાઈને શ્રી લક્ષ્મીપૂજન-શ્રી વહી કહેતાં ચોપડાપૂજન કરી રહ્યા છીએ, તેમાં હવે આ સંકલ્પ કરીએ...

હે શ્રી સ્વામિનારાયણ ભગવાન ! હે શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! હે શ્રી ગોપાળાનંદ સ્વામીજી ! હે શ્રી ભગતજી મહારાજ ! હે શ્રી જાગા સ્વામીજી ! હે શ્રી કૃષ્ણજી અદાશ્રી ! હે શ્રી શાસ્ત્રીજી મહારાજશ્રી ! હે શ્રી ગુરુદેવ યોગીજી મહારાજશ્રી ! હે શ્રી કાકાજી-પપ્પાજી ! હે શ્રી પ્રમુખસ્વામીજી ! હે શ્રી મહંતસ્વામીજી ! હે શ્રી હરિપ્રસાદ સ્વામીજી ! હે પ્રભુના સાકાર દિવ્ય સંત સ્વરૂપો !

આપ સાકાર છો, કર્તા-હર્તા છો. અમારા સૌના હેતકારી અને હિતકારી છો. સંતો દ્વારા પ્રગટ પ્રમાણ છો, મૂર્તિઓ દ્વારા પ્રગટ પ્રમાણ છો. તેમ માની આપના આશ્રિત સૌ ભક્તોની નિર્દોષભાવે સુહૃદભાવ રાખી સેવાની તક ચૂકીએ નહિ. સૌ સાથે હળીમળી ભક્તિમય બની આપની અંતરની પ્રસન્નતા રૂપી કમાણી દ્વારા આ વિપરીત સંજોગોમાં પણ આપની પરીક્ષામાં આપના જ બળે સારધાર પાર ઊતરવા રૂપી નફો નવા વર્ષના અમારા ચોપડામાં વધતો જ રહે. તે દ્વારા સદાય આનંદ, શાંતિ, સુખ, સમૃદ્ધિ ભક્તિ રૂપી શ્રી લક્ષ્મીજીની અઢળક પ્રાપ્તિ થતી રહો તેવી આ દીપાવલીના મહામંગલકારી દિવસે થઈ રહેલી આ મહાપૂજામાં અમ સૌ સંતો અને અક્ષરમુક્તોની આપના શ્રી ચરણોમાં પ્રાર્થનાઓ છે !

વિશેષ પ્રાર્થનાઓ છે કે, સમગ્ર વિશ્વ કોરોના સાથે કળિયુગના પ્રભાવમાંથી મુક્ત બને. સમગ્ર વિશ્વમાં આપનું જ એક સામ્રાજ્ય સ્થપાય. જેમાં સર્વ માનવો ભક્તિમય રહી પરમ પૂજ્ય યોગીબાપાના બ્રહ્મસૂત્ર પ્રમાણે સંપ, સુહૃદભાવ અને એકતા રાખી હળીમળીને જીવનનો ખરો આનંદ પ્રાપ્ત કરી કુટુંબે સહિત તન-મન અને આત્માથી ભક્તિ, શક્તિ, સમૃદ્ધિથી છલકાતા રહી પરમ સુખિયા બની રહો તેવી આ દીપાવલીનાં પર્વો સાથે શરૂ થઈ રહેલા સંવત ૨૦૭૭ના નવા વર્ષની પ્રાર્થનાઓ છે ! સાથે અત્યારે જે સંતો અને અક્ષરમુક્તો સ્વસ્થ થયા છે અને સ્વસ્થ થઈ રહ્યા છે તેઓનું સ્વાસ્થ્ય સંપૂર્ણ નિરામય બને અને આપની અને સૌ અક્ષરમુક્તોની સેવામાં હૃદયના ભાવથી અખંડ જોડાયેલા રહે, સમર્પિત રહે તેવી પ્રાર્થના કરીએ છીએ ! અક્ષરરૂપ રહી અખંડ આપ પરબ્રહ્મ રૂપી જે ગુરુહરિમાં પ્રગટ મળ્યા છો તેમના દાસ થઈ, તેમના દાસના પણ દાસ થઈને જીવીએ તેવી પ્રાર્થના છે ! તે કૃપા કરી આપ સ્વીકારશો. તેનું બળ મેળવવા માટે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીએ છીએ. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ◆







## વિક્રમ સંવત ૨૦૭૬ની દીપોત્સવીના મંગલ પર્વે શ્રી લક્ષ્મીપૂજન તથા શ્રી શારદાપૂજનના શુભ અવસરે સદ્‌ગુરુ પરમ પૂજ્ય શાંતિદાદાના હૃદયોદ્‌ગારો... પ્રાર્થના, સંકલ્પ અને આશીર્વાદરૂપે જીવવા માટે પ્રસાદ !

'અક્ષરરૂપ થવું છે... અને પરબ્રહ્મની સેવા કરવી છે.'
10 વર્ષના અક્ષરમુક્ત બાળકનો આ સંકલ્પ છે
નૂતન વર્ષે આપણો આ સંકલ્પ બની રહે.
વીતેલા વર્ષમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ માણ્યો
સૌએ ખૂબ સેવાઓ કરી પ્રભુને પ્રસન્ન કર્યા
સાહેબજીના વચને તન મન ધનથી સેવાઓ કરી
ઉત્સવમાં સૌ પધાર્યા ને જીવનભરની સ્મૃતિ લૂંટી
એકતા સુહૃદભાવનાં દર્શન કર્યાં ને કરાવ્યાં
પ્રત્યક્ષના ઉપાસકો સૌએ ઉપાસના જીવી બતાવી
સાહેબજી પ્રગટ ને પ્રત્યક્ષ સ્વરૂપ છે તે માન્યું
તો તેમના વચને કુરબાની ધરી
ખમી નમી સૌનો મહિમા સમજી સેવાઓ કરી
ખમ્યા નમ્યા તો દાસત્વભાવ દઢ થયો
સંબંધનો મહિમા સમજ્યા તે સિદ્ધ થયું
સાહેબજીને રાજી કર્યા તે અહોભાવ થયો.
ભવ્ય મંદિરે દિવ્ય ઉપાસ્ય સ્વરૂપો બિરાજ્યાં
શ્રીજી સ્વામીનાં પ્રગટ સ્વરૂપો પણ પધરાવ્યાં
સાહેબજીની ગુણાતીત સ્થિતિનાં દર્શન કરી ધન્ય થયા
સંબંધવાળાં સૌ અમારાં તે જ્ઞાન સિદ્ધ થયું
સમગ્ર ગુણાતીત સમાજના મુક્તોએ જ્ઞાન જીવી બતાવ્યું
સાહેબજી અપરંપાર રાજી થયા ને આશિષ વરસાવી
'કોરોના' મહામારી દેશમાં ને વિદેશમાં વ્યાપી
સૌ ભક્તોને ભગવાનને નજીકથી માણવાનો સમય મળ્યો
પ્રભુ પ્રભુસ્વરૂપો ને મુક્તોનો મહિમા સમજવા અવસર ગણ્યો
સાહેબજી ને સંતોના વચને ભક્તિમાં જોડાયાં
સભાઓ થઈ મહિમાગાન થયાં ને બળ મળ્યાં
ઉપાસનાની શુદ્ધિ સમજાઈ ને દઢતા થઈ
હવે સાહેબજીના સ્વરૂપને યથાર્થ ઓળખી લેવું છે
સાહેબજી-શ્રીજી સ્વામીના સૌના દાસ બની જવું છે
સાચા ગુણાતીત સેવક બની સૌની સેવા કરી લેવી છે
તેવા શુભ સંકલ્પો કરી અધ્યાત્મ જીવવા સંકલ્પ કર્યા
મહામારીને પ્રભુ પ્રેરિત માની પ્રભુનો કર્તાહર્તાભાવ સ્વીકાર્યો
પાંચ પાંચ સંતોએ દેહલીલા સંકેલી
સમગ્ર સમાજને દુઃખ જરૂર થયું... આંચકો લાગ્યો.
સૌએ જે જ્ઞાન લાધ્યું તેને અનુસરી ભજન-પ્રાર્થનાનો સહારો લીધો
તેવા સંતો માટે આર્થિક સેવાનો લાભ લીધો
સંતોની સ્મૃતિ કરી સૌના જીવનનો મહિમા સમજ્યા ને ગાયો
દુઃખદ પ્રસંગને સાધનાના ભાગ રૂપ સ્વીકાર્યો.
વિવિધ ઉત્સવો પણ સમયને ઓળખી ઊજવ્યા
શ્રી ઠાકોરજી અને સંતોનાં દર્શન માનસીમાં કરી સંતોષ માન્યો
સૌના હૈયે દર્શન કરી લેવા તાલાવેલી જાગી છે
તે પણ કહેતાં કહેતાં... સાહેબજીની આજ્ઞા પાળવી જ છે
તેઓશ્રીએ હમણાં રાહ જોવા કહ્યું તે કરવું જ છે તેવો ભાવ બતાવે છે
ત્યારે તે સૌને વંદન થઈ જાય છે.
સૌની દૃષ્ટિ સાહેબજી ને સંતો પ્રતિ છે... રાખે છે.
સૌ સંતો મુક્તોને અમારાં લાખ લાખ વંદન છે... પ્રણામ છે.
હવે નૂતન વર્ષ આવે છે તેનું સ્વાગત કરીએ.
'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ...' અને
'અમારે અક્ષરરૂપ થવું છે ને પુરુષોત્તમની સેવા કરવી છે'
આ મંગલ જ્ઞાનસૂત્રોના આકારે થઈ જવા સંકલ્પ કરીએ
આ જ્ઞાન જીવનની પ્રતિપળ જીવી સાહેબજીને રાજી કરવા છે
નૂતન વર્ષ ૨૦૭૭ પ્રારંભે આ સંકલ્પ કરી આખું વર્ષ જીવન જીવીએ
તે માટે સૌને બળ મળે તે પ્રાર્થના કરીએ છીએ.
આપ સૌને 'નૂતન વર્ષાભિવંદન' પાઠવીએ છીએ
સંતભગવંત સાહેબજીના શુભ આશીર્વાદ સાથે,

સર્વ સંતો વતી સાધુ અશ્વિનદાસ, સાધુ રતિલાલદાસ, સાધુ દિલીપદાસ ને સૌનાં જય સ્વામિનારાયણ !
૧૪.૧૧.૨૦૨૦... દીપાવલી મંગલપર્વો... ૨૦૭૬

# અન્નકૂટ ઉત્સવ

૧૫ નવેમ્બર, રવિવારના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે શ્રી મંદિરજીમાં શ્રી ધામ-ધામી-મુક્ત, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજને ભવ્ય અન્નકૂટ અર્પણ કરાયો. શ્રી ઠાકોરજી સમક્ષ અન્નકૂટની ગોઠવણી તથા સુશોભનનાં દર્શન અંતર ઠારે તેવાં સુંદર હતાં. વિશેષ તો મૂર્તિપ્રતિષ્ઠા પછી આ પ્રથમ અન્નકૂટ ઉત્સવ હતો તેથી સૌ ભક્તોના હૈયે તેનો ઉમંગ અનેરો હતો. અન્નકૂટ ઉત્સવમાં સ્વયં સંતભગવંત સાહેબજી દર્શન કરવા અને પ્રભુને થાળ જમાડવા પધાર્યા. સૌને દિવ્ય દર્શનનો લાભ આપ્યો અને અન્નકૂટ ઉત્સવે સૌ ભક્તો પર રાજીપો વરસાવતાં રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. સદ્‌ગુરુ સંતોના પણ રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા.

અનુપમ સૂરવૃંદના સંતોએ સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં સુંદર થાળ ગાઈને ભક્તિ અર્પણ કરી. ખૂબ ભાવ સાથે વિવિધ થાળનાં ગાન થયાં ને ભાવથી પ્રભુને સૌએ જમાડ્યા. થાળના આનંદમાં સૌ ગુલતાન થયા ને સંતો સાથે ભક્તિમગ્ન બન્યા. અંતે સૌ સદ્‌ગુરુ સંતોએ સાહેબદાદા સાથે અન્નકૂટ આરતી અર્પણ કરી. થાળની સજ્જા, થાળગાનના ભાવ, આરતીનો આનંદ સૌને અકલ્પ્ય આનંદનો અનુભવ કરાવી રહ્યો હતો. આ સુંદર દર્શન ઑનલાઈન પણ પ્રત્યક્ષ દર્શનનું સુખ પ્રદાન કરી રહ્યાં હતાં.

અન્નકૂટની સમગ્ર વાનગીઓ બ્રહ્મજ્યોતિ-યોગીપ્રસાદમાં સાધુ પૂ. ગિરીશદાસજી, સાધુ પૂ. યજ્ઞેશદાસજીનાં માર્ગદર્શન અનુસાર રસોડાના સેવકો અને યુવાન ટીમે તૈયાર કરી. આ અન્નકૂટને શ્રી ઠાકોરજી સમક્ષ ભાવથી ધરાવી, સુશોભિત સ્વરૂપે અર્પણ કરવાની અદ્‌ભુત ભક્તિ સાધુ પૂ. અનિલદાસજી તથા સાધુ પૂ. શ્રેયસદાસજી અને યુવાનોએ કરી. નૂતન વર્ષે સૌને અર્પણ કરવાનાં પ્રસાદનાં બૉક્સ તૈયાર કરવાની સેવા પણ યુવાનો-યુવતીઓ દ્વારા કરવામાં આવી.

શ્રી ઠાકોરજીનાં અને પ્રથમ અન્નકૂટનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો સૌ સ્થાનિક ભક્તોના હૈયે ઉમંગ હતો. તેથી કોરોના મહામારી માટે સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ તમામ ગાઈડલાઈનનાં પાલન કરી સૌને પ્રત્યક્ષ દર્શન કરવાનું સુખ પ્રાપ્ત થાય તેવાં અદ્‌ભુત આયોજન સંતો દ્વારા કરાયાં. ચરોતર પ્રદેશના સ્થાનિક મંડળોના ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે પધાર્યા ને ધન્ય થયા. અનુપમ મિશનનાં તમામ મુખ્ય કેન્દ્રોમાં આવાં જ અદ્‌ભુત આયોજન થયાં. સર્વ નિયમોનાં પાલન સાથે દર્શન કરવા પધારનાર ભક્તોની અને સુંદર વ્યવસ્થા જાળવી દર્શનસુખને સાકાર કરવા જહેમત ઉઠાવનાર સર્વે સંતો-સ્વયં સેવકોની ભક્તિને વંદન !

આ વર્ષે અન્નકૂટ ઉત્સવમાં દેશ-વિદેશનાં તમામ કેન્દ્રોના સંતો-ભક્તો ઑનલાઈન માધ્યમથી જોડાયા અને અન્નકૂટ ધરાવ્યા. અનુપમ મિશન-ભારતનાં પ્રત્યેક મંદિરો, અમૅરિકા અને યુ.કે.નાં મંદિરોમાં સંતો અને સ્થાનિક ભક્તોએ ભેગા મળી સુંદર વાનગીઓ તૈયાર કરી પ્રભુને અર્પણ કરી. દેશ અને પરદેશના સૌ ભક્તોએ પણ પોતપોતાનાં ઘરમંદિરોમાં જાતે જ ઘરે અનેક વાનગીઓ બનાવી અન્નકૂટ અર્પણ કર્યા ને ભક્તિના અનુપમ ભાવ ધર્યા. ◆



નૂતનવર્ષે શ્રી ધામ-ધામી-મુક્ત, શ્રી શાસ્ત્રીજી મહારાજ અને શ્રી યોગીજી મહારાજને ભક્તિભાવે પ્રથમ અન્નકૂટ અર્પણ

# નૂતન વર્ષ અને ભાઈબીજ મંગલ સભા

દીપોત્સવીનાં પ્રકાશપર્વો ભવ્ય અને ઐતિહાસિક રહ્યાં. નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૭૭ની મંગલ પ્રભાતે, ૧૬ નવેમ્બરના રોજ સુંદર ઑનલાઈન સભા યોજાઈ. સંતોએ કીર્તનગાનથી સભાનો પ્રારંભ કર્યો. યુટ્યૂબના માધ્યમથી યોજાયેલ આ સભામાં દેશ-વિદેશના અનેક ભક્તો જોડાયા. સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીએ આશીર્વાદ અર્પણ કરતાં સમગ્ર વર્ષ દરમિયાન વિપરીત સંજોગોમાં સાહેબદાદાએ આપણા સૌની જે પ્રેમ-માવજત સાથે રક્ષા કરી અને ભજન-ભક્તિ કરાવી આત્યંતિક કલ્યાણ કર્યાં તે બદલ ધન્યભાવ વ્યક્ત કરી વંદના ધરી.

સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપતાં નૂતનવર્ષે હૃદયના ઊંડા ભાવે સૌ સંતો-ભક્તોનાં મનની તંદુરસ્તી માટે પ્રાર્થનાઓ ધરી અને સૌ પ્રભુને ધારીને, પ્રભુને મધ્યમાં રાખીને પ્રભુ ભજતા થાય તેની સુંદર સમજ આપી.

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ ઉપાસના ધામ, અમદાવાદથી આશીર્વાદ પાઠવ્યા. જાગ્રતતા સાથેનું પ્રભુપ્રીત્યર્થે ઠરાવરહિત જીવન જીવવાની અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની 'વાત' દ્વારા સમજાવી અને યોગીજી મહારાજની સ્મૃતિ કરાવી સૌને આશીર્વાદ પ્રદાન કર્યા.

ગુરુહરિ સાહેબદાદાએ નૂતનવર્ષે આશીર્વાદ વરસાવતાં અનંત શુભેચ્છાઓ તેમજ સૌનાં સ્વાસ્થ્ય નિરામય રહે તેવા રૂડા સંકલ્પ કર્યા. 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'માં જણાવ્યા પ્રમાણે નવા વર્ષે કેવું જીવન જીવવું ઉચિત છે તેની ખૂબ સુંદર સમજણ પૂરી પાડી અને દિવ્ય દર્શન આપ્યાં.

આમ, સમગ્ર દીપોત્સવીનાં પ્રકાશપર્વો વિશ્વસમસ્તના સૌ ભક્તોની ઑનલાઈન ઉપસ્થિતિમાં અત્યંત આનંદમય અને ભક્તિમય બની રહ્યાં, જે અનેક સંભારણાંઓ સાથે ભવ્ય રીતે સંપન્ન થયાં. ◆

સંતભગવંત સાહેબજીની સર્વત્ર દિવ્ય સંનિધિ અને સ્મૃતિ સાથે અનુપમ મિશનનાં દેશ-વિદેશનાં મંદિરો, મુખ્ય કેન્દ્રો અને મંડળોમાં ભક્તોએ ભાવથી શ્રી લક્ષ્મીપૂજન, શ્રી શારદાપૂજન અને અન્નકૂટોત્સવની ઉજવણી કરી. બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ સંનિધિ સાથે સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકા, સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા, સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી, સાધુ પૂ. દિલીપદાસજી, સાધુ પૂ. વાસુદેવદાસજી ને સર્વ સંતો-ભક્તોના સાંનિધ્યમાં, ઉપાસના ધામ-અમદાવાદમાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. ગૌતમદાસ, સાધુ પૂ. સતીશદાસ તથા દિવ્યાંગભાઈ, ગૌરાંગભાઈ, પંકજભાઈ ને સૌ ભક્તોના સાંનિધ્યમાં, ખારઘર-નવી મુંબઈમાં સાધુ પૂ. દિનેશદાસ, સાધુ પૂ. હરિદાસ ને ભક્તોના સાંનિધ્યમાં, સુરત મંદિરમાં કાનજીબાપા, રાજુભાઈના સાંનિધ્યમાં, ઉપાસના ધામ-વેમારમાં સાધુ પૂ. મણિલાલદાસ, સાધુ પૂ. ઘનશ્યામદાસ, ચંદ્રકાંતભાઈ પટેલ ને મનીષદાદાની હાજરીમાં, અક્ષરદેરી, માણાવદરમાં સદ્‌ગુરુ સંત પૂ. અરુણદાદા, સાધુ પૂ. દિનેશદાસ, સાધુ પૂ. અશોકદાસ ને સર્વ સંતોના સાંનિધ્યમાં, ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડમાં સૌ ભક્તોનાં ઘરમંદિરમાં, બ્રહ્મજ્યોતિ ઈંગ્લૅન્ડમાં સાધુ પૂ. હિંમત સ્વામી, સાધુ પૂ. પંકજદાસ, સાધુ પૂ. કિરણદાસ, સાધુ પૂ. જયેન્દ્રદાસ ને સૌ સંતોના સાંનિધ્યમાં, સતીશભાઈના ઘરમંદિરે, વિજયકુમાર-દર્શનાબહેનના ઘરમંદિરે, ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે સદ્‌ગુરુ સંત પૂ. બેરિસ્ટરદાદા, સાધુ પૂ. જયેશદાસ, સાધુ પૂ. અરવિંદદાસ, સાધુ નરેન્દ્રદાસ ને સૌ સંતોના સાંનિધ્યમાં, લોસ ઍન્જલસ મંદિરે દિનશાની હાજરીમાં સ્મિતામામી, અલકાબહેન ને ભક્તો, ફ્લોરિડા મંદિરે નીલેશભાઈ અને ભક્તમંડળ, રિચમન્ડમાં ભાવેશભાઈ, કાંતુકાકાના સાંનિધ્યમાં, ટોરન્ટો-કૅનેડામાં ધવલભાઈ, સી.પી., દાણીસાહેબ, લાલાસાહેબના સાંનિધ્યમાં, દેશ અને પરદેશનાં નાનાં નાનાં મંદિરો - માથાસૂરિયા, ખંભાત, દહેગામ, સાઠંબા, અંકલેશ્વર આદિ સ્થાનોમાં સૌ સંતો-ભક્તોએ સરકારની ગાઈડલાઈન પ્રમાણે પ્રકાશપર્વો ઊજવી ભક્તિ અદા કરી. મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ બિરાજી દીપોત્સવી ઊજવતા હોઈએ ને દર્શન-આશીર્વાદનું સુખ પ્રાપ્ત કરતા હોઈએ તેવા ભાવ ને ઉત્સાહથી હજારો ભક્તોએ પોતપોતાનાં ઘરમંદિરમાં સમગ્ર ઉત્સવોનો અદ્‌ભુત લાભ લીધો અને પ્રભુ તરફની ભક્તિ અદા કરી. ◆



અન્નકૂટ ઉત્સવ પ્રસંગે સાહેબજી દ્વારા આરતી અર્પણ

# પ્રકાશપર્વોમાં સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોના શ્રીમુખે વહેલી આધ્યાત્મિક માર્ગે પ્રેરણા દેતી કલ્યાણકારી આશિષ પરવાણીનાં અમૃતબિંદુ

## આશીર્વાદ : સંતભગવંત સાહેબજી



### ૧૪ નવેમ્બર ૨૦૨૦, શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન પર્વ (સાંજની સભા)

- કોરોના વાઈરસે બધાંનાં જીવન, રહેણીકરણી, સમૈયા-ઉત્સવની ઉજવણીઓ બદલી નાખ્યાં છે. આ દ્વારા એક નવા યુગનાં મંડાણ ભગવાન કરાવી રહ્યા છે. કોરોના વાઈરસથી સૌની રક્ષા થાય, કોરોના વાઈરસ અને કળિયુગના પ્રભાવમાંથી આ વિશ્વ મુક્ત બને, પ્રભુ સૌની રક્ષા કરે, જેમને જેમને કોરોના વાઈરસ થયો હતો તે પણ બધા ખૂબ સારા બની રહે, વહેલામાં વહેલી તકે સમગ્ર વિશ્વ કોરોનાથી મુક્ત બની બધા આનંદપૂર્વક ભક્તિનો આનંદ માણે તેવી પ્રાર્થના કરીએ.
- ભગવાનનો દૃઢ આશરો અને દૃઢ નિષ્ઠા ! અને એ જ ભગવાન, સાધુ દ્વારા મને પ્રગટ મળ્યા છે એમના તરફની શ્રદ્ધા ! ગમે તેવા સંજોગો, ગમે તેવા બનાવ બને પણ શ્રદ્ધા ડગમગી ના જાય. સો ટકા એ શ્રદ્ધા કાયમ રહે, નિષ્ઠા કાયમ રહે એ ખરેખર પ્રભુની અંતરની પ્રસન્નતાનું પ્રમાણ છે. અને એવી પ્રસન્નતા પ્રાપ્ત કરેલા સમગ્ર વિશ્વમાં ફેલાયેલા આપણા સર્વ સંતો, ભક્તો આ કસોટીમાંથી પાર પડ્યા.
- ૨૦૭૭નું વર્ષ સર્વ માટે સુખ-સમૃદ્ધિ ને આનંદથી છલકાતું બને, તન, મન, ધન ને આત્માથી કુટુંબે સહિત જ્યાં છે ત્યાં બધા સુખિયા બને અને આપના થઈને ને આપનામાં રહીને કેવળ આપની પ્રસન્નતાર્થે ભક્તિમય જીવન જીવીને જીવનનો ખરો આનંદ માણે એવી સૌ પર આ દીપાવલીના પર્વની અને આવી રહેલા નવા વર્ષની અમ સૌ સંતોની પ્રાર્થનાઓ છે. હે પ્રભુ ! આપ ખૂબ ખૂબ રાજી રહેજો, અમારા પર પ્રસન્ન રહેજો એવું અમારું જીવન બનાવજો તેવી પ્રાર્થના !

### ૧૬ નવેમ્બર ૨૦૨૦, નૂતનવર્ષ-ભાઈબીજ મંગલ સભા

- ૨૦૭૬ના વર્ષમાં આપણે 'મધ્યનું ૧૩ વચનામૃત' એ ખરેખર 'ભગવાનની નિષ્ઠાનું' વચનામૃત છે. એમાં અને 'બોલ્યા શ્રીહરિ રે...' કીર્તનમાં સ્વયં સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું.
- શ્રીકૃષ્ણ ભગવાને 'ગીતા'માં અર્જુનને કુરુક્ષેત્રના રણમેદાનમાં કહ્યું, 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' એમ બોલતાં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે, 'હે અર્જુન, જગતની બધી લપ મૂકીને તું મારે શરણે આવ અને હું કહું એમ કર તો તારો મોક્ષ થશે.' સ્વામિનારાયણ ભગવાને એ જ વાત 'મધ્યના-૧૩ વચનામૃત' દ્વારા કરી. એ પ્રભુ, જેની તમે ઉપાસના કરવા માગો છો, જેની તમે પ્રસન્નતા પ્રાપ્ત કરવા માગો છો ; એ પ્રભુ હું છું, એને તમે ઓળખો તો આત્માનું કલ્યાણ થશે. આત્માના કલ્યાણ માટે ભગવાન કાં ભગવાનના સાધુ એ બેની જરૂર છે.
- 'બોલ્યા શ્રી હરિ રે...' એ પોતે પદ બનાવીને 'મારી મરજી વિના કોઈથી તરણું નવ તોડાય' એવી વાત કરીને મહારાજે આપણને સૌનેય તેમનું કર્તાહર્તાપણું બતાવ્યું. આખું વર્ષ આપણે એનું પારાયણ કર્યું, એ ઉપર બધી વાતો થઈ. શાંતિભાઈ, અશ્વિનભાઈ, મનોજભાઈ ને સૌ સંતો, સતીશભાઈ અને સર્વ અક્ષરમુક્તોએ અદ્ભુત વાતો કરી આપણને સાચી વાતો સમજાવી. સ્વામિનારાયણ ભગવાને પણ આઠ-આઠ મહિનાથી એ વાતો આપણા વર્તનમાં છે કે નહીં એની કસોટી પણ કરી દીધી.

✿ કોરોનાનું કામકાજ લાંબું ચાલ્યું. બધાનાં નોકરી-ધંધા ખોરવાયાં, બધાના સામાજિક રીતરિવાજ, ઉત્સવો-એ બધું ખોરવાઈ ગયું. સમૈયા ઉત્સવમાં પણ મંદિરે દર્શન કરવા ના જવાય, સંતોનો સમાગમ ના મળે. આ કોરોનાના કારણે ઘણી બધી હલચલ મચી ગઈ. આપણા વહાલસોયા પાંચ સંતોને મહારાજે પોતાની સેવામાં બોલાવી લીધા. આવું બધું થયું છતાં પણ ભક્તોની પ્રભુ તરફની નિષ્ઠા અને પ્રભુ તરફની શ્રદ્ધાને ઊની આંચ ના આવી. એ આ 'વચનામૃત' અને 'બોલ્યા શ્રી હરિ રે...' આપણે ખરેખર સમજ્યા ને વર્તનમાં પણ આવ્યું. આ ભગવાનની પ્રસન્નતા કહેવાય.

✿ શાંતિભાઈ, અશ્વિનભાઈ, મનોજભાઈએ જે વાત કરી કે, માસ્ક પહેરીએ ને ડિસ્ટન્સ રાખીએ. વારંવાર હાથ ધોઈએ. આ કોરોનાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે. 'માસ્ક પહેરીએ' એટલે ભગવાન ને ભગવાનના ભક્તોના મહિમા ને ગુણગાન સિવાય કશી વસ્તુ આપણે સ્વીકારવી નથી. 'વારંવાર હાથ ધોઈએ' એટલે આખા દિવસ દરમિયાન જાણે-અજાણે ભગવાન રાજી ના થાય એવું બોલાયું, વિચારાયું કે વર્તાયું હોય તો સ્મૃતિએ સહિત ભગવાનની મૂર્તિ ને ભગવાનના પ્રગટ સ્વરૂપ સંતોની સ્મૃતિ સહિત સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... જાપ કર્યા કરો. દર બે કલાકે ૨૦ સૅકન્ડ હાથ ધુઓ. તો આપણે બે મિનિટ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરી હાથ ધોઈ નાખવા. 'ડિસ્ટન્સ રાખો' - કોણ માણસ શું બોલશે ? એ આપણને ખબર ના પડે. અમહિમા, ભાવફેરની વાત કરી જાય. એટલે એવા માણસોથી ડિસ્ટન્સ રાખો-દૂર રહો. તો આપણા જીવનું રક્ષણ થશે, દેહનું રક્ષણ થશે. એટલે આ ત્રણ વસ્તુ તો કરવી જ છે.

✿ ગુણાતીતાનંદ સ્વામી ઘોઘાવદર ગામમાં વડ નીચે આરામ કરતા હતા. ત્યાં જાગા સ્વામીએ પાંચ 'વચનામૃત' - ગઢડા પ્રથમ-૨૩, ગઢડા મધ્ય-૩૦ અને ૪૫, અમદાવાદ-૨ અને ૩ વાંચ્યાં. ગુણાતીતાનંદ સ્વામી એકદમ બેઠા થઈ ગયા અને જાગા સ્વામીને કહે 'આ ફરી વાંચો.' ગુણાતીતાનંદ સ્વામીએ ફરી ફરી વચનામૃત વંચાવ્યાં અને પછી બોલ્યા, 'ખરેખરે જાણે આ 'વચનામૃત' પહેલાં સાંભળ્યાં જ ન હોય એવું લાગે છે. અને આ 'વચનામૃત' સાંભળીને એમ થાય છે કે, નાનો-મોટો ભગવાન હશે, ખુદ ભગવાનનો દીકરો હશે, આચાર્ય હશે કે આચાર્ય મહારાજનો દીકરો હશે પણ આ પાંચ 'વચનામૃત' સિદ્ધ કર્યે જ છૂટકો છે.' બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસનાની વાત, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિની વાત આ પાંચ 'વચનામૃત'માં સ્વામિનારાયણ ભગવાને કહી છે. તો આ વર્ષ આપણે બધાએ આ પાઠ પાકો કરવો છે.

✿ મનોજભાઈએ પોતાના 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના' ગ્રંથમાં બે 'વચનામૃત અંગે ખાસ આપણને કહ્યું તે, 'મધ્યનું ૨૧-મુદ્દાનું વચનામૃત', તે મુદ્દો શો ? આત્માના કલ્યાણ માટે માનવરૂપે વિચરતા ભગવાનના સ્વરૂપને ઓળખવા એ મુદ્દો છે. અને 'વડતાલનું પાંચમું વચનામૃત' ! શાસ્ત્રીજી મહારાજે આ 'વચનામૃત'નો ઉલ્લેખ જણાવીને અક્ષરપુરુષોત્તમની - ધામ-ધામી-મુક્તની મૂર્તિઓ પધરાવી. બે દિવસથી આપણે મંદિરમાં દર્શન કરીએ છીએ, જેવા વાઘા મહારાજને પહેરાવ્યા છે એવા જ વાઘા ગુણાતીતાનંદ સ્વામીને પહેરાવ્યા છે ને એવા જ વાઘા ગોપાળાનંદ સ્વામીને પહેરાવ્યા છે. તો ઘણા અખ્તર ડાહ્યાઓ પ્રશ્ન પૂછે કે, 'ગુણાતીતાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી તો સાધુ હતા, એમને આવા વાઘા અને ઘરેણાં પહેરાવવાનો અર્થ શો છે ? ના પહેરાવાય.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ પાંચ 'વચનામૃત' કહેતા. એમાં સ્વામિનારાયણ ભગવાને સ્પષ્ટ લખ્યું છે કે, 'ભગવાનને અર્થે જેટલું ખરચ કરો છો એટલું જ ખરચ જો ભગવાનના ભક્ત માટે કરો, જેવા ભાવથી, જેવી ચીજ-વસ્તુ-પદાર્થથી ભગવાનની સેવા કરો છો એવા જ ભાવથી એમના ભક્તની કરો તો આ જન્મે કનિષ્ઠ ભક્ત હોય તે આ ને આ જન્મે ઉત્તમ ભક્ત થઈ જાય.' એટલું મોટું ફળ એવા ભક્તની સેવાનું મહારાજે કહ્યું. અને એનું અનુસંધાન રાખીને મહારાજના જેવા જ ભાવથી ગુણાતીતાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામીની સેવા કરીએ છીએ. યોગીજી મહારાજે એનાથી આગળ આપણને કહ્યું કે, 'એમના સંબંધવાળા ભક્તોની પણ એવા ભાવથી સેવા કરો તો દેહના ભાવ ઓગાળવા નહીં પડે, ઓગળી જશે.'

✿ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'જોવા જેવા એક મહારાજ ને સાધુ જ છે.' તો શું આપણે આંખ બંધ કરીને ચાલવું ? 'એક ભગવાન ને સાધુ સામું જોવું' - એટલે તમારી સામે જે કંઈ છે એમાં પ્રભુને જોવાની ટેવ પાડો. જેમ ફૂલમાં સુગંધ છે, તલમાં તેલ છે એમ માનવમાત્રમાં રહેલા પ્રભુનું દર્શન કરો ; એ બ્રાહ્મી સ્થિતિ ! મહારાજને એ કરાવવું છે.

✿ ભગવાને આંખ, કાન, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, અહંકારની બધી ભૂમિકાઓ, સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ, કારણ દેહ બધાંથી આપણને તૈયાર કર્યા છે. એમાં સર્વત્ર પ્રભુ વ્યાપી જાય એટલે શું ? સર્વત્ર પ્રભુનાં જ દર્શન થાય. આંખ પ્રભુને જ જુએ. કાન જે કંઈ પણ સાંભળે એને પ્રભુસંબંધી જ સાંભળે. મુખારવિંદ જે કંઈ બોલાય એ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય એવું જ બોલાય. અને દેહે કરીને જે ક્રિયા થાય એનું અનુસંધાન ભગવાનને રાજી કરવાનું જ હોય. અને આવું ક્યારે જિવાય ? બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરે ત્યારે !

✿ ભગવાન હંમેશાં ભક્તની કસોટી કરે ને એમાંથી એમના જ બળે, એમના આશીર્વાદથી અને એમના સંકલ્પથી જ આપણે પાસ થઈ જઈએ છીએ. આ વખતે પણ ભયંકર કસોટીમાંથી, ઝંઝાવાતોમાંથી આપણને પસાર કર્યા. અમેરિકાના અમેરિકા પ્રમાણેના પ્રશ્નો, લંડનના લંડન પ્રમાણેના પ્રશ્નો, ઇન્ડિયા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા દરેકને પોતપોતાના લેવલ પ્રમાણે, પોતપોતાના સમય-સંજોગો પ્રમાણે પ્રશ્નો ઉપસ્થિત થયા. અને યાદ રાખો, આ દીવાલ છે કે આ ખુરશી ઉપર બેઠા છીએ એને પ્રશ્ન નહીં થાય, કારણ કે એ જડ છે, જ્યારે આપણે સૌ ચેતન છીએ.

જીવે માનવદેહ ધારણ કર્યો છે, એ દેહના ભાવને લીધે ખળભળાટી થાય છે. તો એ દેહને દિવ્ય બનાવવો છે. એને દિવ્ય બનાવવા માટે આ પાંચ 'વચનામૃત' - ગઢડા પ્રથમ-૨૩, ગઢડા મધ્ય ૩૦ અને ૪૫, અમદાવાદ-૨ અને ૩ તેમજ ગઢડા મધ્યનું-૨૧, મુદ્દાનું અને વડતાલ-૫ પ્રમાણે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરી કરવી છે.

✿ બધા ભક્તો ખૂબ સેવાઓ કરે છે. ગયા વર્ષે મંદિરનો આ પ્રૉજેક્ટ એકદમ અશક્ય વસ્તુ લાગતો હતો. પણ ધન્ય છે સૌ ભક્તોનાં સમર્પણને ! ધન્ય છે સંતોને ! ધન્ય છે એક ટીમ સ્પિરિટથી કામ કરવાના ભાવને ! ધન્ય છે યુવાનોની શક્તિને ! ધન્ય છે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ ને સદ્‌ગુરુ સંતોની પ્રાર્થના, ભજન અને પ્રભુને રાજી કરવા માટેની એમની એકધારી સુંદરમાં સુંદર દોરવણીને ! આ બધું ભેગું થયું, સરવાળો થયો ને મંદિર બન્યું. ગયા વર્ષે એટલી બધી સેવાઓ ભક્તોએ કરી છે કે, આપણને આશ્ચર્ય લાગે ! મંદિર અને સોનાની મૂર્તિઓ બનાવવા માટે બહેનોએ સોનાની ઝોળી છળકાવી દીધી અને ભાઈઓએ ધનના ઢગલા કરી દીધા. દેહે કરીને પણ સેવાઓ કરી. દર રવિવારે શ્રમયજ્ઞ ચાલતા ને ગુજરાતનાં બધાં મંડળોના ભક્તોએ, ચેન્નાઈથી, દિલ્હીથી, કલકત્તાથી, મુંબઈથી પણ ભક્તોએ આવી આ મંદિરનાં કાર્યોમાં શ્રમયજ્ઞ કરી ગયા. ધનની તો સેવા કરતા હતા, પણ શ્રમયજ્ઞ પણ કર્યા. હળીમળીને સેવા કરી, સંપ, સુહૃદભાવ, એકતાથી મનની પણ સેવા કરી. સત્પુરુષનાં વચને, સંતોનાં વચને સૌએ સેવા કરી.

✿ શી આપણી તપશ્ચર્યા ? શી આપણી સાધના ? શાં આપણાં સાધન ? શું આપણું સમર્પણ ? શી આપણી સમજણ ? આ બધું જોવા જઈએ તો કાંઈ જ નથી. આપણાથી કાંઈ જ ના થઈ શકે. પણ કેવળ એમનો સંકલ્પ ! આવા અદ્‌ભુત સાધુઓની આપણને એમણે આપેલ ભેટ; એ આપણા માટે જમા પાસું છે.

✿ નવા વર્ષે એક પ્રભુના થઈ, પ્રભુના અર્થે જ જીવી, પ્રભુને સમર્પિત થઈને, પ્રભુએ આપણને જે વાપરવા આપ્યું તે ભગવાનના અર્થે વાપરવું, ભગવાનના થઈને વાપરવું, ભગવાનને સાથે રાખીને વાપરવું ; તો તે બંધનરૂપ નથી, આસક્તિ નથી. આવી અદ્‌ભુત સમજદારીથી જીવન જીવવામાં આનંદ છે અને એવો આનંદ સૌનાં હૈયાંમાં વિશેષ ને વિશેષ વધતો રહે તે પ્રાર્થના છે !



✿ કોરોના વાઇરસથી પ્રભુ સૌની રક્ષા કરજો. જેમને થયો છે એમને કોરોનાથી ફ્રી કરજો અને હે પ્રભુ, આખી પૃથ્વીને કળિયુગ અને કોરોનાના પ્રભાવથી મુક્ત કરી, તમારું સામ્રાજ્ય સ્થપાય તેવી વારેવારે અમારી આપનાં ચરણોમાં આ જ પ્રાર્થના છે !

✿ સૌને ભક્તિરસમાં તરબોળ કરીને સુખિયા સુખિયા રાખજો. તન-મન-ધન ને આત્માથી ભક્તિ, શક્તિ, સમૃદ્ધિથી છલકાતા બનાવી કુટુંબે સહિત સુખિયા કરજો અને અમારા સંતોને દેહભાવથી પર બનાવી સર્વ રીતે સુખિયા કરજો એવી આપના ચરણોમાં પ્રાર્થના છે !

◆

# આશીર્વાદ : સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા



**૧૪ નવેમ્બર ૨૦૨૦, શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન પર્વ (સવારની સભા)**

- ભક્તિનું આ પર્વ, શક્તિનું આ પર્વ. આપણા ઈષ્ટદેવની પૂજા-પ્રાર્થના અને સતત એમની સ્મૃતિ રાખી, જીવનમાં એમને કેન્દ્રસ્થાને રાખીને સર્વ પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની આ સુંદર વિધિ ઋષિમુનિઓએ આપણને વારસારૂપે આપી છે.
- એકાદશીથી આ દિવાળીનાં મંગલ પર્વોની શુભ શરૂઆત થાય છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અગિયારમું મન; એને પ્રભુની સેવામાં પરોવવાના ભાવથી પર્વોની શુભ શરૂઆત થાય છે. આ પૂજનવિધિમાં મનથી જોડાયેલા રહેજો, પ્રભુની સ્મૃતિમાં, ગુરુહરિ સાહેબદાદાની સ્મૃતિમાં અને ભક્તિના હૃદયભીના ભાવથી આ સમગ્ર પૂજાવિધિ કરજો. આ માત્ર કર્મકાંડ નથી, આ માત્ર કરવા ખાતર કરવાની વિધિ નથી. જીવનને મંગલ બનાવવાનો, મારા સંસારને મંગલ બનાવવાનો આ ઉત્સવ છે.
- દ્વાદશીનો દિવસ - જેને આપણે ચીલાચાલુ ભાષામાં 'વાઘબારશ' કહીએ છીએ, પણ આ વાક્ બારશ છે. વાણીના માધ્યમ દ્વારા દેવી સરસ્વતી પાસે આશીર્વાદ માગીએ છીએ કે, અમારી વાણી પવિત્ર બને, મધુર બને, પ્રેમાળ બને, મંગલ બને. વાણી દૂધની માફક વાપરવી. દૂધ વિશે જેમ આપણને પવિત્ર ભાવ છે, એમ આપણી જીવન-વ્યવહારની જે વાણી છે એમાં મધુરતા લાવવી, પ્રેમ લાવવો. સુમેળતા ને સુસંવાદિતાનું એને માધ્યમ બનાવવી. દેવી સરસ્વતી આપણને બુદ્ધિયોગ આપે, વિદ્યા આપે, કૌશલ્ય આપે, કુશળતા આપે કે, જેના આધારથી આપણે આપણા જીવન-વ્યવહારમાં સફળતા પ્રાપ્ત કરી શકીએ, પ્રગતિ અને ઉન્નતિનાં શિખરો ક્રમે ક્રમે સર કરતા જઈએ. એ વાક્ બારશનો ઉત્સવ છે.
- જીવન-વ્યવહારની શ્રી લક્ષ્મી અને મોક્ષપ્રાપ્તિની સમજણ એ પણ શ્રી લક્ષ્મી. આપણે જે પુરુષાર્થ કર્યો, પ્રાર્થના કરી, સંતો-ભક્તોની માહાત્મ્યેયુક્ત સેવા કરી તો એને પરિણામે જે પ્રાપ્ત થાય છે તે ધન ત્રયોદશી ! આપણા જીવનનું જે ધન સત્સંગ છે, ગુરુહરિ સાહેબદાદા છે, સંતોનો સંગ છે. અને એ જ સાચું ધન છે. પરમહંસોએ કીર્તનમાં લખ્યું છે કે, 'ખર્ચ્યું ના ખૂટે ને ચોર ના લૂંટે એવું ધન મને પ્રાપ્ત થયું છે.' એ પ્રભુપ્રાપ્તિનું, સંતપ્રાપ્તિનું, ગુરુકૃપાનું ધન, એ ધન ત્રયોદશી ! અને આ બધું મળે ત્યારે એનું રક્ષણ કરવાનું, સંવર્ધન કરવાનું, એની જાળવણી કરવાની જે શક્તિ, તે શક્તિના પ્રતીકની આપણે ચૌદશના દિવસે પૂજા કરીએ છીએ. ભક્તિથી શક્તિ પ્રગટે છે. પણ, દિવાળીના દિવસે દાસત્વભક્તિની પ્રાર્થના કરવાની છે કે, પ્રભુ ! હું તારો દાસ છું, સેવક છું.
- માત્ર ધન ઉપાર્જન એ જ આપણા જીવનનો હેતુ નથી. આપણી સંસ્કૃતિનો સંસ્કારવારસો આપણે સમજવાનો, જાળવવાનો છે અને આપણી ઊછરતી યુવાન પેઢી કે જેનો વિદેશમાં જન્મ થયો છે અને તે દેશના વાતાવરણની વચ્ચે પણ એમનો સેતુ આ સંસ્કાર સાથે જોડાયેલો રહે એ બહુ અગત્યની બાબત છે. એટલા માટે આ પાંચ દિવસની પ્રાર્થના ને પૂજાનું પર્વ આપણા માટે બહુ મહત્ત્વનું, અગત્યનું અનેઆત્મિક ઉત્થાન કરવા માટેનું છે.

**૧૪ નવેમ્બર ૨૦૨૦, શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન પર્વ (સાંજની સભા)**

- આજના આ મંગલ પ્રસંગે આપણા આત્મજ્યોતિનો દીવો સદાય પ્રગટતો રહે. હું અક્ષર છું અને મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય બિરાજમાન છે એવા ભાવથી, એ જાગ્રતતાથી આપણે સૌએ વિક્રમ સંવત-૨૦૭૭ના નવા વર્ષમાં જીવવાનો રૂડો સંકલ્પ કરીએ.
- આ પંચભૂતનું શરીર, જેને લઈને આપણે જીવીએ છીએ, ખાઈએ છીએ-પીએ છીએ, હરીએ છીએ-ફરીએ છીએ;. પણ શરીરના માધ્યમ દ્વારા જે કંઈ પણ ક્રિયાઓ કરીએ તે ભક્તિ બની રહે. ગુરુમુખી બની પ્રભુપ્રીત્યર્થે જે જીવ્યા તે ભક્તિ થઈ. ગુરુની આજ્ઞાથી પ્રભુની પ્રસન્નતા માટે કરેલું કર્મ એ કર્મ રહેતું નથી, એ ભક્તિ બની જાય છે. અને જીવનને ભક્તિમય બનાવવાનો આ સરળ ઉપાય ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને શિખવાડ્યો છે, સમજાવ્યો છે. વર્તમાનકાળે ગુરુહરિ સાહેબદાદાએ-એ પ્રગટ સત્પુરુષે નૂતન મંદિર નિર્માણના માધ્યમ દ્વારા આપણને મંદિર સાથે, મૂર્તિ સાથે, મંત્ર સાથે, શાસ્ત્ર સાથે આખું વર્ષ જોડી રાખ્યા, એટલે એ આપણા માટે ભક્તિ થઈ.
- કોવિડ-૧૯એ આપણને અંતરાભિમુખ બનીને પ્રભુના બળે જીવવાની વિદ્યા શિખવાડી. જે મંદિર સાથે જોડાયેલા છે, જે સત્સંગ સાથે જોડાયેલા છે, જે પ્રગટ સત્પુરુષ સાથે જોડાયેલા છે તે સાચા સુખનો અનુભવ કરી શકે છે. ◆

## ૧૬ નવેમ્બર ૨૦૨૦, નૂતન વર્ષ–ભાઈબીજ મંગલ સભા

- જેમ શ્વાસોચ્છ્વાસ દ્વારા જંતુઓ પ્રવેશે નહિ તેના માટે આપણે માસ્ક પહેરીએ છીએ, એમ મનને પણ માસ્ક પહેરાવવો જરૂરી છે. તેના માટેનો અદ્ભુત ઉપાય છે – નામસ્મરણ. સતત ગુરુહરિ સાહેબદાદાનું ચિંતવન અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો દિવ્ય મંત્ર. 'સ્વામિનારાયણ' મંત્રનું મૂળ અક્ષર અને પુરુષોત્તમ સિદ્ધાંત સાથે જોડાયેલું છે.
- નૂતન યુગમાં મનની તંદુરસ્તી એટલે માહાત્મ્યમાં રહેવું, ગુણનું દર્શન કરવું. જે જોઈએ છીએ એના વિશે વિચાર આવે છે અને એ વિચાર પ્રમાણે મન તર્ક–કુતર્ક કરે છે. મન મહિમા સમજે છે કે અમહિમામાં પણ જાય છે. અભાવ, અવગુણ, ખટપટ, માથાકૂટમાં પણ પડે છે અને ગુણગાન ગાવા ને સાંભળવાથી જીવનની સાચી મસ્તી અને આનંદને પણ પ્રાપ્ત કરે છે.
- બસ એક ભગવાનનું જ નામસ્મરણ–સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... પ્રભુ તારી ઇચ્છાથી, તું કર્તા–હર્તા, તું કરાવી રહ્યો છું, મારી બુદ્ધિ, મારું મન એનો સ્વીકાર કરે એવું તમે મને બળ આપો.
- આપણે આપણાં મન–બુદ્ધિનાં–સમજણનાં બારાં બંધ કરી દેવાં, તાળાં મારી દેવાં. જે કંઈ થઈ રહ્યું છે, તે સરસ થઈ રહ્યું છે, દિવ્ય થઈ રહ્યું છે. સૌ નિર્દોષ છે એ ભાવથી જે કંઈ પણ આપણને જે કોઈ પણ કહે તેનો સહજતાથી સ્વીકાર કરવો તે પ્રભુની, ગુરુની સત્તાનો સ્વીકાર છે.
- અનુપમ મિશન એક પરિવાર છે. આપણા લોહીના સંબંધોની સાથેની સંવાદિતાથી આગળ વધીને મારા પ્રભુના, મારા ગુરુના સંબંધવાળા જે સંતો, ભક્તો, મુક્તો છે તે પણ મારો પરિવાર છે તેમ માનવું.
- ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'જોવા જેવા બે જ છે – એક ભગવાન અને બીજા સંત.' એમનો આધાર લઈને, એમનાં નામસ્મરણ, સ્મૃતિ સાથે જ્યારે આપણે ચાલવાનો પ્રયત્ન કરીશું તો અહંકારશૂન્ય – મારા પોતાપણાના ભાવમાંથી બહાર નીકળીને હું દાસ છું, સેવક છું, જે કાંઈ પણ છું તે તારી કૃપાનું પરિણામ છે; એવો શૂન્યભાવ એટલે કે દાસત્વભાવ આવે.
- મારા–તમારા જેટલા શ્વાસ અને હૃદયના ધબકાર લખી રાખ્યા છે તેમાંથી જેટલા પ્રભુને અર્થે અને પ્રભુની સેવાને અર્થે વપરાયા એટલા જ ભગવાનના ચોપડે જમા થયા. ભગવાને આપણને જીવતા રાખ્યા છે તો આપણા પંચવિષયના ભોગ ભોગવવા માટે નહિ, એના દ્વારા હજુ એમાં રચ્યા–પચ્યા રહેવા માટે નહિ, પણ બ્રેક મારીને પાછા વળવા માટે, પ્રભુસન્મુખ થવા માટે, પ્રભુનું કાર્ય કરવા માટે આપણને રાખ્યા છે. આ નૂતન યુગની જાગ્રતતા સાથે આપણે જીવવાનું છે. આપણે બધું જ કરવાનું છે. જે કરીએ છીએ તે જ કરવાનું છે. સંસાર, વ્યવહાર, વેપાર – જે કરતા હોઈએ તે; પણ પ્રભુની સ્મૃતિ સાથે – તારું કાર્ય, તને રાજી કરવા અને તારી રીતે કરવું છે. બહુ અગત્યની બાબત છે કે, કેવળ અને કેવળ તને રાજી કરવા માટે જ્યારે જીવીએ ત્યારે એ પ્રભુના ચોપડે જમા થાય છે. એ સાચું પુણ્ય છે. એવું જીવવા માટે આપણને આ ૨૦૭૭નું વર્ષ આપ્યું છે.
- પ્રભુ અને સંત, માવતર સમાન આપણી સાથે છે. ભગવાન ને સંત એ બે જોવા જેવા છે, બાકી કંઈ જોવા જેવું નથી. આ પહેલાંની જિંદગીમાં બધું બહુ જોઈ નાખ્યું અને બહુ જોવાનું મન થતું હતું. હવે સર્વ ઠેકાણે પ્રભુને જોવા છે, તમને જોવા છે અને તમારો હૃદયથી સ્વીકાર કરવો છે કે, મારા પ્રભુ, સર્વ ઠેકાણે તમે જ છો. તમારાં પગલાં આગળ–આગળ, અમે તમારા સેવક, અનુયાયી, દાસ તમારી પાછળપાછળ – એ જ માર્ગે ચાલવું છે. જેને આપણે મુક્તિનો માર્ગ કહીએ છીએ.
- મારી બુદ્ધિનાં મૂલ્યાંકનો પર આ જગત ચાલતું નથી. મનનું ધાર્યું કશું થતું નથી. ધાર્યું તો ધણીનું થાય છે. આપણે પ્રભુની સર્વોપરી સત્તાનો સ્વીકાર પરાણે પણ કરવાનો સમય આવી ગયો છે. ભક્તિ પરાણે કરવાની નથી, પ્રેમથી કરવાની છે. સઘળી ઇન્દ્રિયોને એમાં જોડીને કરવાની છે. અને મનમુખી મટીને ગુરુમુખી બનવાનું છે. પ્રભુના ગમતા થવું છે, માળાના મણકામાં આવવું છે. એને જેણે મન પર લીધું એનો જીવન–વ્યવહાર બદલાઈ જાય અને હંમેશાં અનુસંધાન રાખે કે, હું માયાનો જીવ નથી. મારે માયામાં રચ્યાપચ્યા રહેવું નથી. હું ભગવાનના ખાતાનો જીવ છું અને ભગવાનના થઈને જીવવું છે. જ્યાં ચૂક આવી ત્યાં ક્ષમા માગીએ, પ્રાર્થના કરીએ, જાગ્રતતા રાખીએ અને નવેસરથી જીવવાનો ઉમંગ ને ઉત્સાહ રાખીએ – એ ૨૦૭૭ની સાલનો સંદેશો છે. અને એના માટેનો આધાર છે ભગવાન અને સંત !
- 'હું પ્રભુનો ને પ્રભુ મારા, હું ગુરુનો ને ગુરુ મારા...' એ ભાવથી સઘળી ક્રિયાઓ કરવા માટે આ નૂતનવર્ષમાં સતત જાગ્રતતા ને અનુસંધાન રહે. સંતોનો સમાગમ રહે, મન–કર્મ–વચનથી સંતોની વાણીના માધ્યમથી તેમની સાથે જોડાયેલા રહીને, પોતાની જ્યાં ભૂલ થતી હોય ત્યાં સ્વીકાર કરીને રોજેરોજ ક્ષમા–પ્રાર્થના કરી લઈએ.

◆

# આશીર્વાદ : સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદા

### ૧૨ નવેમ્બર ૨૦૨૦, પ્રકાશપર્વોના દિવ્ય શુભારંભ



- આપણા માટે તો અંતર પ્રકાશિત કરવાનું આ પર્વ છે. અંતર પ્રકાશિત કરવું એટલે શું ? તો જેમ પ્રકાશ થાય એમ આપણને જે કંઈ સામે છે એનાં દર્શન થાય. આપણી સામે તો અત્યારે પ્રગટ ને પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ પરમ પૂજ્ય સાહેબદાદા સાક્ષાત્ બિરાજમાન છે, એમનાં દર્શન કરવાં છે. એવો પ્રકાશ પથરાય ત્યારે એમની સર્વ ક્રિયામાં, એમનાં સર્વ વર્તનમાં, એમની મૂર્તિમાં અખંડ આપણને પ્રભુનાં દર્શન થાય. અને એવો પ્રકાશ આપણને પ્રાપ્ત થાય એ માટે આજે આપણે આ ઉત્સવ ઊજવીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ.
- સાહેબજીએ આપણો સૌનો સ્વીકાર કર્યો, એ આપણે બહુ મહા ભાગ્યશાળી! તો પ્રાર્થના એ જ કરવી છે કે, એ સાહેબજી આજે પ્રગટ ને પ્રત્યક્ષ છે તો અમારા હૃદયમાં એમના વિશેનું માહાત્મ્ય વધે, પૂર્ણ રીતે સમજાઈ જાય. શ્રીજીનાં જે ઐશ્વર્ય, સ્વામીનાં જે ઐશ્વર્ય ને પ્રતાપ, એ જ સાહેબદાદાનાં ઐશ્વર્ય ને પ્રતાપ ! આપણા 'સ્વ'ના ભાવ ઓગાળી શકે તેવા એ દિવ્ય પુરુષ ! આપણા સર્વના દોષ ટાળી શકે, નિર્દોષ કરી શકે, આપણા રોમરોમમાં પ્રભુ પધરાવી શકે તેવા એ એવા એ દિવ્ય પુરુષ ! એ જાતનો મહિમા આપણને સૌને દૃઢ થઈ જાય, એ આપણે માંગવું છે.
- હંમેશાં હાલતાં-ચાલતાં-ખાતાં-પીતાં સર્વ ક્રિયાને વિષે મારા પ્રભુ મારી સાથે છે અને એ પ્રભુ આજે પ્રગટ અને પ્રત્યક્ષ મને સાહેબજી સ્વરૂપે મળ્યા છે. તેઓ મારી સાથે છે, મારી રક્ષા કરી રહ્યા છે એવો ભાવ અખંડ રાખીને વિહાર કરીએ તો જરૂર જરૂર મહારાજ, સ્વામી ને સૌ સ્વરૂપો અને સાહેબદાદા આપણા સૌ પર એટલી બધી કૃપા વરસાવશે કે, પરિણામે આપણાં હૃદય ઊજળાં થશે, પ્રકાશિત થશે. એ પ્રકાશિત હૃદયમાં અખંડ સાહેબદાદાની મૂર્તિ શોભાયમાન દર્શન આપશે, યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ મૂર્તિ શોભાયમાન દર્શન આપશે, મહારાજ-સ્વામી પણ એવાં જ દિવ્ય દર્શન આપશે. એવી દિવ્ય દૃષ્ટિ આપણને પ્રાપ્ત થશે.
- આપના સ્વરૂપને વિશે અમે ઓગળી નથી શકતા. આપની પ્રત્યેક આજ્ઞા, આપની અનુવૃત્તિ, આપનો અભિપ્રાય સમજીને જીવી નથી શકતા એ અંધકાર છે. અમે અમારું રાખીને જીવીએ છીએ એ અંધકાર છે. અમને અમારું જ ગમે છે એ અંધકાર છે. સર્વ ભક્તોને મહિમાથી જોઈ નથી શકતા, એમની સાથે વ્યવહાર નથી કરી શકતા એ અંધકાર છે. સૌ પ્રભુનાં સ્વરૂપો છે. આપનો સંબંધ થયો એ સૌ દિવ્ય. પરંતુ જ્યાં સુધી હું મારા પોતાના અહંભાવમાં જીવું છું ત્યાં સુધી સર્વને વિષે એ ભાવ કરવો એ ખરેખર બહુ અઘરું છે. એ અંધકાર અમારે ટાળવો છે.

### ૧૪ નવેમ્બર ૨૦૨૦, શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન પર્વ (સવારની સભા)

- આપણે તો પ્રગટ અને પ્રત્યક્ષના ઉપાસકો છીએ. જીવન જીવવા માટેનો અભિગમ આપણો જુદો છે. જગત અને વ્યવહારમાં બધા ભક્તો જીવે છે તેઓ જ્યારે સરસ રીતે લક્ષ્મી કમાય, સરસ ઘર હોય, ગાડી હોય, સમૃદ્ધિ હોય ત્યારે એનો તેઓ સંતોષ માને. ભગવાન પાસે માગે પણ એવું જ. જ્યારે આપણે પ્રત્યક્ષના ઉપાસકો છીએ, એનાથી એક ડગલું આગળ વધીને ભગવાન પાસે માગીએ છીએ કે, પ્રભુ લક્ષ્મીજી અઢળક આપો, પરંતુ એ લક્ષ્મીજી આપના ચરણોમાં ધરીને આપની સેવામાં વપરાય. અમારો તો સંસાર સુંદર ચાલે જ, એમાં તો અમે સારી રીતે જીવીશું, તમને ગૌરવ અપાવે એવું અમે સરસ રીતે જીવીશું. ઘરમાં સરસ ચોખ્ખાઈ રાખીશું. આ બધું તો અમે કરીશું જ, પરંતુ, સાથે સાથે આ લક્ષ્મીપૂજનનો વિધિ, શારદાપૂજનનો વિધિ જ્યારે થાય છે ત્યારે અમે એક બીજી માગણી એ કરીએ છીએ કે, આપ ખૂબ રાજી થાવ, અઢળક લક્ષ્મી સૌ ભક્તોને આપો. પરંતુ એમાં અમે કોઈ બંધાઈએ નહિ. લક્ષ્મીજી અઢળક આવે, પણ એ બધું આપનું આપેલું છે, એવો ભાવ અખંડ અમને રહે. એ અમને બંધન ના કરે, નિર્બંધ રહીએ. બંધન કેવળ તમારી સાથેનું જ રહે. સમૃદ્ધિ ને લક્ષ્મી બધું આપે પ્રાપ્ત કરાવ્યું, તો એ બધું આપના ચરણોમાં સમર્પિત કરી અને પ્રસાદરૂપે અમે સ્વીકારીશું. અમારું નથી, એ સઘળું તમારું છે એવો ભાવ અમારા હૃદયમાં રહે એવી આજે કૃપા કરજો.

* આપણે મહારાજે 'શિક્ષાપત્રી'માં જે લખ્યું છે તે પ્રમાણે ચોખ્ખો હિસાબ લખીએ. એ ચોખ્ખો હિસાબ એટલે જે કમાણી કરી તેના દશાંશ–વીશાંશ ભાગ કાઢવાની મહારાજે આજ્ઞા કરી છે. એ પણ કાઢ્યો, અને બાકીનું બધું જે મારી પાસે રહ્યું છે, આ ચોપડામાં બતાવે છે, એ બધું પણ હે પ્રભુ! તમારું છે. તમે જ્યારે ને જેમ કહેશો એમ તેનો ઉપયોગ કરીશું.

### ૧૬ નવેમ્બર ૨૦૨૦, નૂતન વર્ષ–ભાઈબીજ મંગલ સભા

* કેટલાય જન્મોથી આપણે ભક્તિ, સેવા કરતા આવ્યા છીએ. અંતિમ પામવું છે શું ? આજે સાહેબદાદા પ્રગટ ને પ્રત્યક્ષ છે. એમાં 'હું' ને 'મારું' ગમતું મૂકી દઈએ. એકેએક ક્રિયા જે કંઈ કરીએ છીએ તે ખરેખર સમર્પિત ભાવથી કરીએ. શું સાચું ને શું ખોટું તે સમજીને કરીએ. જે ખોટું છે તે મૂકી દેવા અને જે સાચું છે તેને સંપૂર્ણપણે સો ટકા સ્વીકારવા માટે જાગ્રત રહીને વર્તન કરીએ. તો સાહેબદાદાનું સ્વરૂપ ઓળખાઈ જાય, પ્રભુની રુચિ સમજાઈ જાય, રહસ્ય સમજાઈ જાય કે, એમને જીવનમાં શું કરાવવું છે ?
* હે સાહેબદાદા ! ચોવીસ કલાક અમારું સમગ્ર તંત્ર તમારી રીતે નથી વર્તતું તે તો સ્વીકારીએ. અને એ સ્વીકારીને પછી હવે અમે પ્રાર્થના કરીએ કે, અમારાં મન, બુદ્ધિ, ચિત્ત અમને તમારી મૂર્તિમાંથી ક્યાંય દૂર લઈ જાય છે એનો સ્વીકાર તો કરીએ. અને પ્રાર્થના કરીએ કે, તમારા સિવાય કશું રાખવું નથી. જે દિવસે એમને જ કેવળ રાખ્યા તે દિવસે આ બધાં જ એમનાં સ્વરૂપો છે તે દિવ્ય મનાઈ જશે. અત્યારે આપણને સૌના દોષ દેખાય છે, સૌની ક્રિયાઓ દેખાય છે, સૌના ગુણ પણ દેખાય છે અને અવગુણ પણ દેખાય છે. કારણ કે, આપણું તંત્ર માયિક છે, બુદ્ધિથી દોરવાય છે. જે દિવસે આત્માથી દોરવાશે – આત્મા એટલે 'મારા સાહેબ એ મારો આત્મા'– એનાથી દોરવાશે તે દિવસે આ સર્વમાં પ્રભુનાં દર્શન થઈ જશે. આપણું અંતિમ ધ્યેય આ છે. 'અક્ષરં અહં, પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ...' આ આપણું ધ્યેય છે. અખંડ એનું અનુસંધાન નવા વર્ષમાં રહે.
* આજે નવા વર્ષે આપણે સંકલ્પ કરીએ કે, હવે મારું ચોવીસ કલાકનું, પ્રતિપળનું જીવન કેવળ સાહેબદાદાને પ્રસન્ન કરવા માટે હશે. તો હવે આપણે એમના આકારે જીવવું છે, આપણી સાથે અખંડ અનુભવવા છે.
* આપણું મન કેવું છે ? સાહેબદાદા આશિષ પ્રવચન કરતા હોય, અશ્વિનદાદા બોલતા હોય ને તે વખતે આપણે આપણું મન ક્યાંક બીજે રાખીએ – એ કસર ટાળવી છે. હવે બીજી કસર નથી. સાહેબદાદા ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે વાત તો સાબિત થઈ ગઈ. પણ એ ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે સાચા અર્થમાં માનીએ છીએ ? એ ના માનતા હોઈએ તો માનવા માટેના સંકલ્પો કરવા છે અને એ જીવન હવે જીવવું છે.
* એકેએક ક્રિયામાં પ્રભુ મારી સાથે અને એ પ્રભુ કોણ ? એ જ સહજાનંદ, એ જ ગુણાતીતાનંદ, એ જ અક્ષર, એ જ પુરુષોત્તમ આ રહ્યા સાહેબમાં પ્રગટ ! મનુષ્યાકૃતિમાં આ મારી સામે છે. મારી સાથે છે. મારા હૃદયમાં પણ છે. મારા રોમ રોમમાં પણ છે. મારી આસપાસ વિચરતા સૌ ભક્તોમાં પણ છે. એમનાં દર્શન કરીને કેવળ એમને જ રાખવા છે. નવા વર્ષના આપણા સૌના આ સંકલ્પો હોય. આ પળથી મારું જીવન એવું બની જાય.
* નવા વર્ષમાં સાહેબદાદા રાજી થાય એવું અનુસંધાન રાખવું છે. અને સાહેબદાદાને રાજી કરવા હોય તો 'સંપ, સુહૃદભાવ, એકતા – સાહેબદાદાની પ્રસન્નતા' એ એકતા રાખવી છે, સંપ રાખવો છે, સુહૃદભાવ રાખવો છે.
* આજના દિવસે પ્રાર્થના કરવી છે કે, હે સાહેબદાદા ! અમે અમારામાંથી બહાર આવીએ. ચોવીસ કલાક અમારી દૃષ્ટિ અમારામાં જ છે. આપ પ્રભુનું સ્વરૂપ છો તે જાણ્યા છતાં આપની રુચિ, રહસ્ય નથી સમજી શકતા. ચોવીસ કલાક અમારા તંત્રને તમારી રીતે નથી વાપરી શકતા. અમે અમારી બુદ્ધિ અને અમારી સમજણને લઈને અમે અમારી રીતે જ જીવીએ છીએ. દયાળુ, એ ટાળો ! આપ સમર્થ છો. અને આપે જેમને સદ્ગુરુ બનાવ્યા તેમના જીવન તરફ દૃષ્ટિ કરીએ છીએ તો ચોવીસ કલાક અનુસંધાન આપની પ્રસન્નતા કરવાનું સૌ રાખે છે અને જીવે છે. એ દર્શન આપે અમને કરાવ્યાં છે તો પ્રભુ, એ રીતે આપની કૃપાથી અમારે પણ એ પ્રાપ્ત કરવું છે તેવા સંકલ્પ કરીએ. અને નવા વર્ષે કરેલા સંકલ્પનું રોજ અનુસંધાન રાખીએ.
* હે સાહેબદાદા, અમારે સૌને એવું જીવવું છે દયાળુ ! અમારી પોતાની તાકાતથી નહિ. અમારા પોતાના બળથી નહિ. આપના બળે જીવવું છે. અને સર્વને દિવ્ય માની, સૌના સેવક બની, સૌના દાસ બની, સૌમાં આપનાં જ દર્શન કરી અમારે આપની પ્રસન્નતા પ્રાપ્ત કરવી છે. હે દયાળુ, એ અમને આપો એ જ પ્રાર્થના !

◆

# આશીર્વાદ : સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

**૧૪ નવેમ્બર ૨૦૨૦, શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન પર્વ (સાંજની સભા)**



❊ શ્રી મહાલક્ષ્મી – આપ ગૃહસ્થાશ્રમમાં હોવ કે સંન્યસ્ત આશ્રમમાં હોવ, વિદ્યાર્થી આશ્રમમાં હોવ કે આપની ઉત્તરાવસ્થામાં હોવ. જીવનના કોઈ પણ સમયે કોઈ પણ આશ્રમમાં આ પૃથ્વી ઉપર આ સમાજમાં જીવનના નિર્વાહ માટે, જે ઓછામાં ઓછી જરૂરિયાત છે તેને પણ પૂરી કરવા માટે શ્રી મહાલક્ષ્મીજીની કૃપાની આવશ્યકતા છે. એ કૃપાને પ્રાપ્ત કરવા માટે આપણી દોડ હંમેશાં બહારની તરફ જ રહે છે. ઘરમાં હોઈએ, આશ્રમમાં બેઠા હોઈએ ત્યારે પણ મહાલક્ષ્મીજીની કૃપાની પ્રાપ્તિ માટેની દોડ તો આપણી હંમેશાં બહારની તરફ રહે છે.

❊ સાચી મહાલક્ષ્મીની યથાર્થ દોડ તો ખરેખર અંદરથી ચાલુ થવી જોઈએ. એનો પહેલો સ્રોત છે આપણું મન – આપણી મનલક્ષ્મી ! મનલક્ષ્મીનો યથાર્થ અર્થ છે – મને મળ્યા એ જે ભગવાન સ્વામિનારાયણ, અને તેમનું જે પ્રગટ સ્વરૂપ એનો દૃઢ આશરો ! જો મન આશરામાં દૃઢ રહ્યું હશે તો મારા જીવનમાં અને મારી આસપાસ જે થઈ રહ્યું છે, થવાનું છે તે સઘળું મારા સ્વામી કરી રહ્યા છે, મારા સાહેબ કરી રહ્યા છે. એ આશરાના બળે આપણું મન સ્થિર રહેશે. એક વાત તો આપણે જાણીએ છીએ કે, બહારની દોડ સારી રીતે કરવી હશે તો પણ મનની સ્થિરતા પહેલી જોઈશે. અને આ મનલક્ષ્મી તો એવી છે કે, આ જન્મે તો એ ખપમાં લાગવાની જ છે, પણ આશરાનો દૃઢાવ આ જન્મે મન દ્વારા પાકો કર્યો હશે અને ભગવાનની ઇચ્છાએ કરીને આવતો જન્મ આવશે તો એ આશરાનું બળ આવતા જન્મે ને જન્મોજન્મ આગળ જશે. તો પહેલું ધન – પહેલી મહાલક્ષ્મી તે મનલક્ષ્મી અને તેનો મુખ્ય યથાર્થ ભાવ તે ભગવાનનો દૃઢ-અચળ આશરો.

❊ બીજી લક્ષ્મી અંદરની તે બુદ્ધિલક્ષ્મી ! અને તેનો યથાર્થ ભાવ છે નિશ્ચય ! મન આશરામાં અચળ છે, અને બુદ્ધિ પ્રભુના સ્વરૂપ વિશેના નિશ્ચયમાં અડગ છે. મને મળ્યું એ ભગવાનનું પ્રગટ ને પ્રત્યક્ષ સ્વરૂપ – સંતભગવંત સાહેબજીમાં અક્ષરપુરુષોત્તમ હાજરાહજૂર પ્રગટ છે, એનો મને નિશ્ચય થયો છે. મારી બુદ્ધિમાં જો એ નિશ્ચય અડગ રહ્યો તો જગતની કોઈ આધિ-વ્યાધિ-ઉપાધિ મારા જીવનમાં કોઈ પણ પ્રકારની ઉદ્વિગ્નતા, કોઈ પણ પ્રકારનું દુઃખ, કોઈ પણ પ્રકારની ગ્લાનિ નથી લાવી શકવાની. દેહની પીડા તો જેટલી લખી હશે તે હંમેશાં ભોગવવાની જ હોય છે. પણ દેહની પીડા ભોગવતાં ભોગવતાં પણ જો આપણી મનની શક્તિ અને આપણો બુદ્ધિનો નિશ્ચય અડગ હશે તો દેહની પીડા ક્યાંય ભુલાઈ જાય છે.

❊ હજુ પણ ઘરની બહાર દોડ મૂકીએ છીએ પણ તે પહેલાં સહેજ આપણા ઘરની અંદર નજર કરવા જેવી છે. આપણા વડીલો કે, જે આજે આપણા ઘરમાં બેઠા છે તે બહુ મોટી મહાલક્ષ્મીની કૃપા આપણાઉપર છે ! આજે આ દુનિયામાં આપણે છીએ અને જેવા છીએ તેવા, જે કંઈ પણ આપણી પાસે શક્તિઓ છે, ઉત્તમ ગુણ છે, સંસ્કારો છે તે સઘળી સંપત્તિ, જે અમૂલ્ય સંપત્તિ છે તે સહજમાં આપણા ઘરમાં બિરાજતાં માતા-પિતા દ્વારા આપણને પ્રાપ્ત થઈ છે અને તે પણ નિરપેક્ષભાવે ને નિઃસ્વાર્થભાવે પ્રાપ્ત થઈ છે. કેવળ પ્રેમ, પ્રેમ ને પ્રેમથી પ્રાપ્ત થઈ છે. તો મારી પ્રાર્થના છે કે, આ પૂજનવિધિ પૂર્ણ થયા પછી શ્રી ઠાકોરજી મહારાજને વંદન કરી સૌ પ્રથમ આપ આપના ઘરમાં જે વડીલો – માતા-પિતા, સાસુ-સસરાના સ્વરૂપમાં બિરાજમાન છે, એમના ચરણમાં સ્પર્શ કરીને ધન્યભાવ સાથે એમને વંદન કરતા રહેજો.

❊ આપ એકબીજા માટે પણ ધનસંપત્તિ છો. મહામારીના આ કાળ દરમિયાન પરિવારનું મહત્ત્વ સમજાયું. ગૃહસ્થોને – પતિ-પત્નીને એકબીજાનું મહત્ત્વ સમજાયું. તો આપણા ઘરમાં જ ગૃહલક્ષ્મી બિરાજમાન છે. હંમેશાં તેમના પ્રત્યે આદરપૂર્ણ વ્યવહાર રાખીએ. પરસ્પર આદરપૂર્ણ વ્યવહાર દ્વારા ઘરમાં એક પ્રસન્નતાનું વાતાવરણ સર્જાશે. આપ એકબીજાંને પણ વંદન કરજો. એકબીજાંમાં બિરાજમાન પ્રભુને વંદન કરજો. તો ગૃહલક્ષ્મીને આપણે અર્જિત કરતા રહીએ, એનાં સંવર્ધન કરતા રહીએ.

❊ ઘર-પરિવારની અંદર આપણી ઉપર ત્રીજી મહાલક્ષ્મીની જે કૃપા છે તે આપણી સંતતિ – આપણાં સંતાન – દીકરા ને દીકરીઓ. જે ગુણવારસો આપણને આપણાં માતા-પિતા તરફથી મળ્યો છે અને સંભવતઃ પ્રભુકૃપાએ આપણે તેને આજે સવાયો કર્યો છે, એ સવાયા વારસાને પણ આપણાં સંતાનો સવાયો કરે એવી ભાવનાથી હંમેશાં સંતાનોનું ખૂબ પ્રેમપૂર્વક જતન કરજો. બહારની દોડ કરતાં કરતાં ઘણી વખત એવું બને કે, સંતાનને આપવા જેટલો સમય આપણે ના આપી શકીએ. બાકીનું બધું જ આપીએ પણ એક સમય ના આપી શકીએ. એવા સમયે ક્યારેક થોડાક ધીમા રહીને

પણ જેટલો સંભવ હોય એટલો મહત્તમ સમય આપવાની કોશિશ કરજો. છેવટે મનમાં એવો ભાવ તો જરૂર રાખજો કે, મારે મારા સંતાનને, મારે મારાં દીકરા-દીકરીને સમય આપવો છે, મારો ગુણવારસો આપવો છે. એમને ભગવાનના સ્વરૂપમાં અચળ આસ્થા રાખતાં કરવાં છે. એમને સદ્‌ગુરુ સંતોના યોગમાં મૂકવાં છે. એમને સત્સંગની ગળથૂથી પાઈને, એમના સત્સંગનો વિકાસ કરવો છે.

❋ જો આટલી આપણે અંદરની દોડ કરી લઈશું તો નિશ્ચિત જાણજો કે, આપણી જે બહારની દોડ હશે તેમાં ઘણું મોટું બળ મળવાનું છે. અને પછી તો બહાર જઈને જે કંઈ પણ સ્થૂળ, ભૌતિક અર્થમાં ધનસંપત્તિ પ્રાપ્ત કરીએ તો પ્રભુની કૃપાથી પ્રાપ્ત થયેલું સઘળું છે તો સઘળું જ પ્રભુનું છે.

❋ આપણા પ્રભુ તો કેવા દયાળુ, તો 'શિક્ષાપત્રી'માં આદેશ લખ્યો એ પ્રમાણે જે કંઈ પણ ધનસંપત્તિ પ્રભુકૃપાથી આપણને પ્રાપ્ત થઈ એનો દશાંશ-વીશાંશ ભાગ પ્રભુચરણે અર્પણ કરીએ. ચોખ્ખો દશાંશ-વીશાંશ ભાગ જો આપણે પ્રભુને અર્પણ કરતા હોઈશું તો આપણા ઘરમાં આવેલી અનેક સ્રોતમાંથી જે લક્ષ્મી છે તે પરિશુદ્ધ થઈ જશે. એ લક્ષ્મી પોતાની સાથે અનેક પ્રકારના ભાવ લઈને આવતી હોય છે. અને ભગવાનને જ્યારે આપણે અર્પણ કરી હશે ત્યારે આપણી પાસે રહેતી લક્ષ્મી એ ભગવાન સ્વયંના પ્રસાદરૂપી મહાલક્ષ્મી બિરાજમાન થાય છે, એ પરિશુદ્ધ રૂપમાં બિરાજમાન થાય છે. એટલે સર્વ શક્તિસ્વરૂપા સ્વરૂપે આપણી સાથે હંમેશાં રહે છે. આપણા જીવનમાં એ લક્ષ્મી સદાય સુખ, શાંતિ, આનંદ, સમૃદ્ધિ, પવિત્રતા આપતી રહે છે. તો એ દશાંશ-વીશાંશ ભાગ બહુ મહત્ત્વનો છે. ચોખ્ખો હિસાબ રાખીને ભગવાનનો ભાગ જરૂર અર્પણ કરવો.

❋ સાથે સાથે આપણે જે અંદરની પેલી દોડ મૂકી હતી કે, મનથી જે આશરો ને બુદ્ધિથી જે નિશ્ચય કર્યો હતો તેનો પણ રોજેરોજ રાત્રે પોઢી જતાં પહેલાં હિસાબ કરી લેવો કે, આજના દિવસ દરમિયાન મારા મનના કોઈ કુતર્કને કારણે મારા આશરામાં તો ફેર નથી પડ્યોને ? મારી બુદ્ધિના કોઈ તર્ક-વિતર્કને કારણે મારા નિશ્ચયમાં તો ડગમગાટ નથી આવ્યોને ? મેં જેને સર્વોપરી, સર્વવ્યાપી, સર્વનિયંતા, સર્વકર્તા ને હર્તા માન્યા અને મારા જીવનમાં આજના દિવસમાં જે કંઈ થયું એના પરિણામ સ્વરૂપે મારા નિશ્ચયમાં વધારે દઢતા થઈ છે કે મારો નિશ્ચય થોડો મોળો થયો છે. જેમ ચોપડામાં ધનલક્ષ્મીના હિસાબકિતાબ રાખીએ છીએ, તેમ અવશ્ય રોજ સાંજે આ હિસાબ કરવા. સમય મળે તો 'આખા દિવસમાં તારી ભક્તિ માની... જે કર્યું - વિચાર્યું તે લે સ્વીકારી...' એ અદ્‌ભુત કીર્તન ગાઈને સૂઈ જવું. એ સ્વાધ્યાયનું કીર્તન છે. એ એક અર્થમાં મનની અંદર મૂકેલી દોડ, એના હિસાબકિતાબ કરી લેવાનું સરસ મજાનું કીર્તન છે.

⌘ આવતા ત્રણસો ને પાંસઠ દિવસો આ પ્રમાણે આ જાગ્રતતા સાથે નિત્ય પ્રત્યે શ્રી સરસ્વતી પૂજન ને શ્રી લક્ષ્મી પૂજન રોજ સાંજે કરીએ. આજે કર્યું ને પછી આવતી દિવાળીએ કરીએ એમ નહિ, રોજ સાંજે આ પ્રકારનું મહાસરસ્વતી પૂજન અને મહાલક્ષ્મી પૂજન કરતા જઈએ તો આપ જોશો કે, આપણા સૌના જીવનમાં સહજ રીતે અત્યંત પ્રસન્નતા, બ્રહ્મનો આનંદ, બ્રહ્મની મસ્તી પ્રગટ થશે. અને સાહેબદાદા, સદ્‌ગુરુ સંતો આપણા પર ખૂબ ખૂબ ખૂબ રાજી થશે. જ્યારે ભગવાનના સ્વરૂપની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તો પછી તો દુનિયામાં કે બ્રહ્માંડમાં એવું કંઈ નથી કે જે આપ ઇચ્છો ને ભગવાનની કૃપાથી આપને પ્રાપ્ત ન થાય.

### ૧૬ નવેમ્બર ૨૦૨૦, નૂતન વર્ષ-ભાઈબીજ મંગલ સભા

❋ એક સંકલ્પ જરૂર લઈએ... આજથી શરૂ થતા નવા વર્ષે શ્રી ઠાકોરજી મહારાજના આશીર્વાદની સાથે જેટલી કાળજી આપણા દેહને નિરામય રાખવા માટે રાખીએ એટલી જ કાળજી આપણા મનની પ્રતિકાર શક્તિ વધારવા માટે પણ રાખીએ.

❋ છેલ્લા અનેક મહિનાઓથી સંતભગવંત સાહેબજી અને સૌ સદ્‌ગુરુ સંતોની અંતરની ભાવના આપણા સુધી પહોંચી છે. એ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ નિરંતર કરતા રહીએ. તો એ ભાવને આજ્ઞા સ્વરૂપે માની આજથી શરૂ થતા નવા વર્ષની પ્રત્યેક પળ અથવા મહત્તમ ક્ષણો દરમિયાન નિરંતર સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... મહામંત્રનો અખંડ જાપ કરતા રહીએ.

❋ શ્રીજી મહારાજ અને સાહેબદાદાના શ્રી ચરણોમાં વંદન કરીને બીજો ધન્યભાવ એ અર્પણ કરવો છે કે, આપની કૃપાશિષથી ગત વર્ષ દરમિયાન જે વિપદાઓ આવી તે વિપદાઓ છતાં પણ આજે અમે સાજાસમા આપનાં દર્શન કરી રહ્યા છીએ, એ આપની અમારા સૌ પર અતિ ઘણી મહેર છે પ્રભુ ! આ વિપદ કાળ પછી પણ આજે સાજા સારા આપના સાંનિધ્યે બેસીને આપનાં દર્શન-શ્રવણ કરી શકીએ છીએ તેનું તાત્પર્ય જ એ છે કે, આપ ઇચ્છો છો કે, હવે પછીના શેષ જીવનમાં અમે આપનું કાર્ય કરીએ. એ કાર્ય આપની રીતે થાવ. અને એનો એકમાત્ર ધ્યેય કેવળ સાહેબજી આપની પ્રસન્નતા પ્રાપ્ત થાવ એવો રહો. એ તાત્પર્ય સાથે આજે અમે પ્રાણવાયુને ગ્રહણ કરી રહ્યા છીએ. આપની કૃપાથી સંપૂર્ણપણે સ્વસ્થ છીએ. ◆



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૧૯ : 'શુષ્ક વેદાંતના ગ્રંથનું શ્રવણ કરી દિલગીર થઈ કાગળ લખ્યાનું'નું નિરૂપણ, ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

**પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, અમે શુષ્ક જ્ઞાનીનો મત જાણવા સારુ તેના શાસ્ત્રનું શ્રવણ કર્યું...**

મહારાજ કેટલા દયાળુ છે, કૃપાળુ છે ! આપણને કંઈક અમૃત આપવા માટે, આપણે સૌ એમના સંબંધવાળા આશ્રિતોને આત્માના કલ્યાણમાં શું શું ખપનું છે ? એ આપવા માટે મહારાજે પોતે પરિશ્રમ કર્યો, દાખડો કર્યો. ૧૧ વર્ષની ઉંમરે ઘરબાર છોડ્યાં. ૧૧ વર્ષના ટાબરિયાને શું ભાન હોય ? રમતગમત ને ભણવા સિવાય કશામાં દિલચસ્પી જ ના હોય. એ ઉંમરે સ્વામિનારાયણ ભગવાને સમગ્ર ભારતવર્ષનું પરિભ્રમણ કર્યું અને બધાં જ તીર્થસ્થાનોમાં, આત્માના કલ્યાણ માટે પ્રચલિત એવાં બધાં જ સ્થાનોમાં ગયા. એવા બધા સિદ્ધાંતો, એવા બધા આચાર્યો, એવા બધા સિદ્ધોને મળ્યા. એમની વાતો સાંભળી, જાણી, એમની સાથે રહ્યા, એમની સાથે ચર્ચાઓ કરી. આઠ વર્ષમાં ભગવાને આપણા માટે કેટલું બધું ઉગ્ર તપ કર્યું ! ને સાથે સાથે કેટલું બધું પરિભ્રમણ કરીને, બધું ફિલ્ટર કરીને આપણને ક્રીમ, રહસ્ય આપ્યું ! આ ઉંમરે મહારાજ ગઢડામાં બિરાજમાન છે, તો ય શુષ્ક વેદાંતોનાં શાસ્ત્રો મહારાજ કહે, અમે સાંભળ્યાં, તેનું અમે શ્રવણ કર્યું.

**તે શ્રવણમાત્રે કરીને જ અમારા અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો. કેમ જે, જે શુષ્ક વેદાંતશાસ્ત્રને શ્રવણે કરીને જીવની બુદ્ધિમાંથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે અને હૈયામાં સમભાવ આવી જાય છે ; એટલે અન્ય દેવની પણ ઉપાસના થઈ જાય છે. અને તે શુષ્ક વેદાંતીના વચનને જે સાંભળે તેની બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થઈ જાય છે.**

મહારાજે ઉપાસનાની વાત કરી. શુષ્ક વેદાંતી ભગવાનને નિરાકાર કહે. 'અહં બ્રહ્માસ્મિ' - પોતાની જાતને સિદ્ધ દશાવાળા ભગવાન તરીકે ઓળખાવે. કેટલા બધા ભગવાનો છે ભારતમાં ! આ ભગવાન, તે ભગવાન, પણ બધા શુષ્ક વેદાંતીઓ. અષ્ટમપષ્ટમ કરીને પોતાને સિદ્ધ પુરુષ બતાવી, થોડા ચમત્કાર-પરચા કરાવીને અત્યારે કેટલા બધા ભગવાન થઈ ગયા છે ! આ બધું જોઈએ તો આપણને થાય કે, એમની પાસે છે શું ? આત્માના કલ્યાણ માટે કોઈ જ્ઞાન નથી, કોઈ શાસ્ત્ર નથી, કોઈ ઉપાસના નથી - એય લોલમલોમ ! બધી પ્રજા પણ ખબર નહીં, ઊંધું ઘાલીને ભજે, લાખો-કરોડો રૂપિયાની ભેટ મૂકે, આ કરે-તે કરે અને સંતોષ માને. મહારાજ કહે, આવા શુષ્ક વેદાંતીઓની વાત સાંભળીને અમને દિલમાં એવું થઈ ગયું કે, આ તો ઉપાસના ભંગ કરે છે અને જીવને દુર્ગતિ પમાડે એવી વાતો થાય છે. શુષ્ક વેદાંતી બૌદ્ધિક રીતે, લૉજિકલી સામા માણસને કન્વિન્સ કરીને ભ્રમિત કરી દે છે. મહારાજ કહે કે, આવા શુષ્ક વેદાંતીનાં શાસ્ત્રોનું શ્રવણ કરીને, પઠન કરીને કેટલા બધા જીવો અધોગતિને પામે, કલ્યાણના માર્ગથી પડે ! એટલે મહારાજ ઉદાસ થઈ ગયા. પાછું એનું લોકો સાંભળે છે, એનું ચાલે છે.

**અમે તો કાંઈક પ્રયોજન સારુ શુષ્ક વેદાંતની વાત સાંભળી હશે.**

મહારાજ કહે, એમાંથી જે સારું હોય તે આપણને આપવા માટે વાત સાંભળી હતી, તો પણ એ વાત સાંભળવાથી અમે ઉદાસ થઈ ગયા. તો આપણાથી તો સંભળાય જ નહીં, કારણ કે, આપણે ભ્રમિત થઈ જઈએ.

**ભગવદ્ ગીતા ઉપર જે રામાનુજ ભાષ્ય છે તેની કથા સાંભળીને અમે આજ રાત્રિએ સૂતા હતા. પછી અમને સ્વપ્ન થયું જે, અમે**

**ગોલોકમાં ગયા; ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા. તેમાં કેટલાક તો ભગવાનની સેવામાં રહ્યા છે તે તો સ્થિર સરખા જણાયા અને કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાય છે. તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે. અને તે કીર્તન ગાતા જાય અને ડોલતા જાય.**

મહારાજે રામાનુજાચાર્યની 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ની કથા વાંચી ને પછી સૂતા. પછી મહારાજ કહે, અમે રાત્રે ગોલોકમાં પહોંચ્યા. ત્યાં ઘણા સેવકો ભગવાનની સેવામાં હતા. ગોલોકમાં કીર્તન તો મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગવાતાં હતાં. તે ગાતા જાય ને ડોલતા જાય. અહીંયાં રાજુભાઈ, બાબુ કીર્તન ગાય તો આપણે ડોલવા માંડીએ. કારણ કે, પરમ ભક્તિથી, ભગવાનને રાજી કરવાના ભાવથી અને આ મૂર્તિ દ્વારા, સંતો દ્વારા ભગવાન પ્રગટ છે એવા ભાવથી તેઓ કીર્તન ગાય એટલે બધાય ડોલે.

**પછી અમે પણ એ ગાવતા હતા તે ભેળા જઈને મળ્યા ને કીર્તન ગાવવા લાગ્યા. તે ગાવતાં ગાવતાં એવો વિચાર થયો જે, આવી જે પરમેશ્વરની પ્રેમભક્તિ અને આવી જે પરમેશ્વરની ઉપાસના તેનો ત્યાગ કરીને જે મિથ્યાજ્ઞાની થાય છે અને એમ જાણે છે જે, 'અમે જ ભગવાન છીએ,' તે મહાદુષ્ટ છે.**

જોયું, અજ્ઞાનીઓ કહે, અમે જ ભગવાન છીએ. આવી સરસ ભગવાનની ઉપાસના-મૂર્તિ દ્વારા, સાધુ દ્વારા, સંતો દ્વારા ભગવાન પ્રગટ છે, એમને રાજી કરવાના ભાવથી ભક્તિ કરતા ભક્તોના સમૂહ સિવાય બધા જ્ઞાનીઓ જે ઇન્ટલૅક્ટ કુસ્તી કરે છે એની મહારાજ કહે, અમને દયા આવે છે. આપણાં કુસુમદીદી અમૅરિકામાં આપણા મંદિરે છે. સુરેન્દ્રભાઈ ભક્તહૃદય. યોગીબાપાના આશ્રિત, સ્વામિનારાયણ ભગવાનનો આશરો લીધો. અશ્વિનભાઈ, શાંતિભાઈ સાથે અસાધારણ પ્રીતિ એટલે બસ ભક્તિમાં ઊંડે. ને એમનાં વાઈફ કુસુમબહેન ઇન્ટલેક્ટ-બુદ્ધિશાળી. એટલે એમને થાય કે, આ તમે બધા શું ભેગા થઈને, ખાઈ-પીને કીર્તનભક્તિ કરો છો ! નહીં કોઈ 'ગીતા'નો પાઠ, નહીં કોઈ 'વેદ', 'ઉપનિષદ'ની - વેદ-વેદાંતની વાતો; એટલે એમને ફિટ ના બેસે. આપણે એમનો આખો ઇતિહાસ જાણીએ છીએ. તેઓ ચિન્મયાનંદ સ્વામીથી આકર્ષાયાં. ચિન્મયાનંદ સ્વામી 'ગીતા' પર જે પ્રવચનો કરે તે સાંભળી ચિન્મયાનંદ સ્વામી પાછળ ગાંડાં થઈ ગયાં. પણ છેલ્લે ચિન્મયાનંદ સ્વામીએ પોતે દેહ છોડવાના હતા ત્યારે કહ્યું કે, 'કુસુમ, હું હવે દેહ છોડી દેવાનો છું. તું પાછી સ્વામિનારાયણમાં જ જજે. એમાં રહીને ભક્તિ કરજે.' ચિન્મયાનંદ સ્વામીએ એમને આજ્ઞા કરી તો સુરેન્દ્રભાઈ સાથે ભક્તિમાં જોડાઈને, બધું સોંપીને ઍલનટાઉન મંદિરે રહેવા આવી ગયાં. હવે સમજાયું કે, આ જ સાચી ભક્તિ છે, ઉપાસના છે. પેલી બૌદ્ધિક કુસ્તી હતી.

જ્ઞાની પુરુષો બૌદ્ધિક કુસ્તી કરતા હોય, પણ શુષ્કતા આવી જાય. એટલે મહારાજે 'શુષ્ક વેદાંતી' શબ્દ વાપર્યો. વેદાંતનું જે જ્ઞાન છે એ માણસને બાવળિયા જેવો બનાવી દે, શુષ્ક બનાવી દે. આનંદ ના આવે. જીવનમાં પ્રભુને પ્રસન્ન કરવાનો જો આનંદ જોઈતો હોય, તો ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. કીર્તનભક્તિ, શ્રવણભક્તિ એમ જે નવ પ્રકારની ભક્તિ છે, એમાંથી જેમાં આપણું અંગ બેસે એ ભક્તિ કરો તો જીવનમાં કો'ક આનંદ જુદો આવે, કંઈક કર્યાનો અંતરથી સંતોષ મળે. એટલે મહારાજે કહ્યું કે, જ્ઞાનની જરૂર છે મહિમા સમજવા માટે, પણ ઉપાસના જોઈશે. શુષ્ક વેદાંતીઓ તો ઉપાસનામાં જ સુરંગ મારે છે. ભગવાન નિરાકાર છે તો પછી ધ્યાન કોનું કરશો ? ભક્તિ કોની કરશો ? મહિમા ને ગુણગાન કોનાં ગાશો ? એટલે શુષ્કતા આવી જાય.

તમને લાડુના વખાણ કર્યા કરે, પણ મૂર્તિમાન લાડુ મળે નહીં ત્યાં સુધી એનો આનંદ ના આવે, ભૂખ ના જાય. એમ જે જ્ઞાનનું વર્ણન કર્યું છે, એ જ્ઞાન ભગવાનને આધારે છે; એ ભગવાનનું દર્શન કરો, એ ભગવાનનો મહિમા ગાવ, અને સૌને ભગવાનમાં જોડો એ જ્ઞાન !

જીવનમાં પ્રભુને પ્રસન્ન કરવાનો
જો આનંદ જોઈતો હોય, તો ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.
કીર્તનભક્તિ, શ્રવણભક્તિ... એમ જે
નવ પ્રકારની ભક્તિ છે, એમાંથી જેમાં આપણું
અંગ બેસે એ ભક્તિ કરો તો જીવનમાં કો'ક
આનંદ જુદો આવે, કંઈક કર્યાનો
અંતરથી સંતોષ મળે.





**જ્ઞાન ભગવાનને આધારે છે;**
**એ ભગવાનનું દર્શન કરો,**
**એ ભગવાનનો મહિમા ગાવ,**
**અને સૌને ભગવાનમાં જોડો એ જ્ઞાન !**
**જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર**
**ભગવાનને ઓળખવા એ !**

જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર ભગવાનને ઓળખવા એ ! તો કયા ભગવાનને ઓળખવા ? નિરાકાર ભગવાનનો આકાર જ ના હોય એ ભગવાનને શું ઓળખો ? એટલે સાકાર ને પ્રગટ ભગવાનની જ્યારે મહિમારૂપી વાતો થાય એ જ્ઞાન સાચું અને એમાં હૈયામાં આનંદ અનેરો આવે; મહારાજે એ કહ્યું. આ બધા ઊંધા પાટે ચડી જાય છે, એટલે 'કાગળ લખીએ' એવું મહારાજ પછી કહે છે.

મહારાજ કહે, અમે ગોલોકમાં ભક્તોની ભેળા બેઠા ત્યાં પરમ આનંદ, પરમ શાંતિ હતી. ત્યારે થયું કે, આવી સુંદર નવધાભક્તિનો આનંદ મૂકીને આ માણસો શું કામ વિતંડાવાદમાં પડતા હશે ? મહારાજને એમની દયા આવી. અને બધા 'અહં બ્રહ્માસ્મિ' – અમે જ ભગવાન છીએ કહીને પોતાને જ ભગવાનનું પ્રતિપાદન કરાવે. ઠેર ઠેર પરચા ને ચમત્કાર અને એનો જ પ્રચાર થાય. અને ચમત્કાર ને પરચાને જ ભગવાન માનીને માણસો એમની પાછળ આંટાફેરા કરતા હોય છે, સમય બગાડે છે. 'અમે જ ભગવાન છીએ', એવું જે માને છે તેમના માટે મહારાજે 'મહાદુષ્ટ' શબ્દ વાપર્યો છે. 'દુષ્ટ' નહીં 'મહાદુષ્ટ'. મહારાજને કેટલી ચીડ ચડી એમના ઉપર ! આપણે એવા કૅપેબલ નથી એટલે આપણે એવાં શાસ્ત્રો વાંચવાં જ નહીં ને એવાનો સમાગમ પણ ના કરવો; મહારાજ એ કહે છે.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે.**

ધર્મ થકી, ભગવાનની ભક્તિ થકી કોઈ પણ પ્રકારે પાછો ના પડે, જોયું ! નહીં તો આપણે બહાર ફરવાનું, બહાર ઘણા માણસોને મળવાનું હોય. ઘણાને એવી ટેવ હોય કે, લાવો આમનું પ્રવચન સાંભળીએ, તેમનું પ્રવચન સાંભળીએ ! પણ છોડોને એ બધું ! તમે સાયન્સ કૉલેજમાં દાખલ થયા પછી આર્ટ્સ, કૉમર્સમાં શું કામ ફાંફાં મારવાં છે ? એમાં કશો ભલીવાર આવે નહીં. સાયન્સમાં કે આર્ટ્સમાં કશામાં પત્તો નહીં પડે. એટલે મહારાજ કહે, ગમે ત્યાં જઈએ પણ ખ્યાલ હોવો જોઈએ.

સોખડાના એક ભાઈ હતા. તેઓ વડોદરામાં માંડવીથી ન્યાય મંદિરની વચ્ચે ઝવેરી બજાર છે ત્યાંથી પસાર થતા હતા. ત્યાં સોના-ચાંદીની દુકાનો હોય. દુકાનવાળાએ શૉકેસમાં ઘરેણાં મૂક્યાં હોય તે આ ભાઈ બહારથી જોતા હતા. આમણે સફેદ ખાદીનાં કપડાં ને ટોપી પહેરેલાં એટલે નેતા જેવા લાગે. પેલા ઝવેરીને થયું કે, આ કોઈ સારો ઘરાક લાગે છે. એટલે ઝવેરી કહે, 'ભાઈ, બહારથી જુઓ છો તે અંદર આવો ને !' ઝવેરીને એમ કે, આ કશું શોધતા લાગે છે. એ ભાઈ અંદર ગયા એટલે ઝવેરીએ જુદા જુદા દાગીના કાઢીને બતાવ્યા. તમે જાણો છો, સોનીની દુકાને જાવ એટલે બધાં સૅમ્પલ ફટાફટ કાઢીને બતાવે. એમ આ દુકાનવાળા ઝવેરીએ અડધો કલાક આ ભાઈને બધા દાગીના બતાવ્યા ને પછી પ્રશ્ન પૂછ્યો, 'બોલો, તમારે શું લેવું છે ?' ત્યારે આ ભાઈ કહે, 'મારે પાણીનું માટલું લેવું છે.' પેલો ઝવેરી તો જે ગુસ્સે થયો ! 'ભલા માણસ! આ પાણીના માટલાની દુકાન છે ?' ત્યારે આ ભાઈ કહે, 'જો ભાઈ, તમે મને બોલાવ્યો. મેં કશું કહ્યું નહીં ને તમે બધું બતાવવા માંડ્યા. પછી તમે પૂછ્યું તો હું જે લેવા નીકળ્યો હોઉં તે જ કહુંને !' એમ, પાણીનું માટલું લેવા માટે ઝવેરીની દુકાનમાં ફાંફાં મારો તો મળે ? આત્માનું કલ્યાણ કરવું હોય તો કલ્યાણ જ્યાં થાય ત્યાં જાવ, બીજે ફાંફાં મારવાનું મૂકી દો. ખોટો સમય ને પૈસા બગાડો છો. એટલે તમારે શું જોઈએ છે ? એ પહેલું તમે નક્કી કરો. છતી દેહે આત્માનું કલ્યાણ કરવું છે, ભગવાનને રાજી કરવા છે; તો પછી જ્યાં ભગવાન પ્રગટ છે ત્યાં જ જાવને, બીજે બધે શું કામ ફાંફાં મારો છો ?

એટલે મહારાજ કહે, ગમે ત્યાં જઈએ, ગમે ત્યાં ફરીએ, તો આપણને ખ્યાલ આવવો જોઈએ કે, મારા આત્માના કલ્યાણમાં આ કામનું નથી તો પછી શું કામ સમય બગાડો છો ? શું કામ જ્યાં ને ત્યાં ફાંફાં મારો છો ? મહારાજ કહે, તમારે આવું બધું ના કરવું પડે એટલે તો બધું હું કરીને આવ્યો છું, ને તમને કહું છું એ કરોને !

ભેંસ લાવો, પછી એને દોહો, પછી એ દૂધને આખરો, પછી એનું દહીં કરો, પછી એનું માખણ કરો, પછી એ માખણને ગરમ કરી એનું ઘી

કરો અને પછી તમે ખાવ; કેટલી બધી ઝંઝટ છે ? એના કરતાં અમૂલનો ઘીનો ડબ્બો લાવી તેમાંથી ચમચીથી કાઢીને ખાવા માંડોને ! એમ, આત્માના કલ્યાણ માટે આવી બધી શોધાશોધ કરવામાં તમે બધા ભરવાઈ પડશો. એટલે મેં આઠ વર્ષ સમગ્ર ભારતનું પરિભ્રમણ કર્યું, સર્વ સાથે વાદ-વિવાદ કરી, સંતો-મહંતો-આચાર્યો એ બધાને મળીને, કળિયુગમાં આત્માના કલ્યાણ માટે જે શ્રેષ્ઠ માર્ગ છે એટલે કે ભક્તિમાર્ગ, એ મેં તમને આપ્યો છે. હવે ફાંફાં મારવાનું મૂકીને ભક્તિના માર્ગે ચાલવા માંડો.

તમને અહીંથી બતાવ્યું હોય કે, અહીંથી નીકળીને તમે જમણી બાજુ વળજો, પછી સીધા જજો, રેલવે ઑવરબ્રિજ ચઢીને ડાબી બાજુ વળી જજો, નૅશનલ હાઈવે નંબર-૮ આવશે. પછી નાકની દાંડીએ ચાલ્યા જજો તો સીધું બારડોલી આવી જશે. પણ પછી ફાંફાં મારો તો કુટાઓ જ ને ? એમાં પછી કોનો વાંક છે ? ચિખોદરાનું બૉર્ડ આવે તો ચિખોદરા જાવ. આગળ ડાકોર છે તો ડાકોર જઈ આવો, આગળ પાછું શામળાજી છે તો શામળાજી જઈ આવો. આમ કરો તો બારડોલીને બદલે તમે દિલ્હી પહોંચી જાવ ને તમારો પત્તો પડે નહીં. એમ ઘણાને એવી ડાફોળિયાં મારવાની ટેવ હોય. મહારાજ એ કહે છે કે, હું એ બધું કરીને આવ્યો છું અને તમારા માટે મેં આટલું બધું કર્યું તો તમે મારામાં શ્રદ્ધા ને વિશ્વાસ રાખીને આ કરવા માંડો, બીજી કશી જરૂર નથી.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે અને પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ નારાયણ તેમાંથી કોઈ રીતે બુદ્ધિ ડગે નહીં, એવો લાવો એક લાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલીએ.**

જોયું, ગમે ત્યાં જાય પણ ધર્મ-નિયમમાં, ભક્તિમાં કોઈની મતિ ડગે નહીં, ક્યાંય ફાંફાં મારવાનું મન ના થાય એવા સોલિડ ભક્તો થાય એના માટે લાવો, એક કાગળ લખીએ ; એવું મહારાજ કહે છે. આપણે કોઈ માગણી કરી નથી, પણ મહારાજને કૃપાળુ એટલે કહ્યા કે, વણકહ્યે આપણા હિતની રક્ષા કરે, વણકહ્યે આપણે કલ્યાણના માર્ગેથી પડીએ નહીં એવું આપણું જતન કરે. એ સમર્થ ગુરુ ને સમર્થ ભગવાન કહેવાય !

**લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજના સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી બાઈ-ભાઈ નારાયણ વાંચજ્યો. બીજું , અમારી આજ્ઞા એમ છે જે, શ્રીકૃષ્ણ નારાયણ એવા જે પુરુષોત્તમ ભગવાન તેના જે અવતાર તે ધર્મના સ્થાપનને અર્થે તથા બ્રહ્મચર્ય, અહિંસાદિક ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિ એ ચાર ગુણે સંપન્ન એવા જે પોતાના એકાંતિક ભક્ત તેને દર્શન દેવાને અર્થે ને તેમની રક્ષા કરવાને અર્થે તથા અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે દેવ-મનુષ્યાદિકને વિષે થાય છે.**

મહારાજ પોતે સ્વયં ભગવાનનું સ્વરૂપ ! ભગવાન શાથી પ્રગટ થયા ? બ્રહ્મચર્ય, અહિંસા સાથે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ સહિત પરમ એકાંતિક જે સંત - આવા સંતોનું, આવા ભક્તોનું રક્ષણ કરવા, માયાથી પર લઈ જવા માટે અને સર્વના આત્માના કલ્યાણ માટે માનવરૂપ ધારણ કરીને આપણને દર્શન દે છે.

**તે અવતારને વિષે પતિવ્રતાના જેવી અનન્યપણે નિષ્ઠા રાખવી.**

એવા ભગવાનનો આપણે આશરો કર્યો છે, જેમનો આપણે સ્વીકાર કર્યો છે, જેમના વિશે આપણને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે, એમનું જ પતિવ્રતાપણું ! એ જ મારા ઈષ્ટદેવ ! મારે કે તારે, સુખનો દેનારોય મારો પ્રભુ છે અને દુઃખને ટાળનારોય મારો પ્રભુ છે.

કોઈ કહે, 'તિરુપતિની યાત્રા કરી, ત્યાં વાળ ઉતારી આવીએ તો કામ થાય છે', તો ત્યાં જાય. કોઈ કહે કે, 'અહીં જવાથી કે ત્યાં જવાથી કામ થાય છે', તો ત્યાં જાય. એમ માણસ ફાંફાં જ મારતો હોય છે. એને ખબર છે જ નહીં કે, શું કામ થાય છે ને શું કામ નથી થતું. પણ પાંચ-પચ્ચીસ જણા કહે કે, 'આની બાધા રાખવાથી મારું કામ પાર પડ્યું', એટલે પછી

ભગવાનનો આપણે આશરો કર્યો છે,
જેમનો આપણે સ્વીકાર કર્યો છે,
જેમના વિશે આપણને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે,
એમનું જ પતિવ્રતાપણું !
એ જ મારા ઈષ્ટદેવ !
મારે કે તારે, સુખનો દેનારોય મારો પ્રભુ છે
અને દુઃખને ટાળનારોય મારો પ્રભુ છે.





**મારા પ્રભુ મને મળ્યા છે,**
**સુખ જોઈતું હશે તો મારા પ્રભુ પાસે માગીશ**
**અને દુઃખ ટાળવું હશે તો મારા પ્રભુ ટાળશે.**
**બીજા કોઈ ટાળે તો મારે ટળાવવું પણ નથી.**
**આવી ખુમારી હોવી જોઈએ ભક્તમાં !**
**મારા ઈષ્ટદેવ, મારા ભગવાન થકી જ**
**મારે સુખી થવું છે, બીજાના થકી નહીં.**

એની બાધા રાખે. કોઈ ત્રીજો મળે ને કહે કે, 'હું અહીં જઈ આવ્યો ને નારિયેળ વધેર્યું તો કામ થયું', તો ત્યાં જઈને નારિયેળ વધેરે ! આ તો કંઈ દુકાનો છે કે, જ્યાં જાવ ત્યાં કામ કરે ? મારા પ્રભુ મને મળ્યા છે, સુખ જોઈતું હશે તો મારા પ્રભુ પાસે માગીશ અને દુઃખ ટાળવું હશે તો મારા પ્રભુ ટાળશે. બીજા કોઈ ટાળે તો મારે ટળાવવું પણ નથી. આવી ખુમારી હોવી જોઈએ ભક્તમાં ! મારા ઈષ્ટદેવ, મારા ભગવાન થકી જ મારે સુખી થવું છે, બીજાના થકી નહીં. સ્ત્રી પોતાના ધણી થકી જ સુખી થાય, બીજાને ત્યાં ફાંફાં મારે તો પતિવ્રતા સ્ત્રી ના કહેવાય. મહારાજ કહે, એવું નહીં કરો. મારો આશરો થયો તો દૃઢતા રાખો. મને વળગી રહો, મારી ભક્તિ કરો.

**જેમ સીતાજીને શ્રીરામચંદ્રને વિષે નિર્દોષપણે નિષ્ઠા હતી તેમ નિષ્ઠા રાખવી.**

સીતાજીને શ્રી રામચંદ્ર ભગવાન વિષે નિર્દોષભાવે યુક્ત નિષ્ઠા હતી. તેઓ એમનાં ધર્મપત્ની કરતાં વિશેષ એમનાં શિષ્ય હતાં. ભગવાન તરીકે જ રામને માનતા હતા. કેવળ નિર્દોષ ! વગર વાંકે જંગલમાં મોકલ્યાં તોય શ્રી રામચંદ્ર ભગવાન દુઃખી થાય એવું કાંઈ કર્યું નહીં, એવી નિષ્ઠા ભક્તને હોવી જોઈએ. આવી સીતાજી જેવી સમજણ હોય તો સ્વામિનારાયણ ભગવાન કહે, બધાં 'વચનામૃત' સિદ્ધ થઈ જાય.

**અને એવા જે ભગવાન તેની હેતે કરીને માનસી પૂજા કરવી તથા દેહે કરીને નવ પ્રકારે ભક્તિ કરવી. અને જો એ શ્રીકૃષ્ણ નારાયણના અવતાર પૃથ્વીને વિષે પ્રકટ ન હોય તો તેની જે પ્રતિમા તેની પૂજા મને કરીને તથા દેહે કરીને ચંદન, પુષ્પ, તુળસી આદિક સામગ્રી તે વતે કરવી.**

ભગવાન પ્રગટ હોય ત્યારે તેમનાં દર્શન કરવાં અને ભગવાનની મૂર્તિ હોય તો માનસિક રીતે ગુલાબ આદિ પુષ્પોથી, ચંદનથી પૂજન કરો, થાળ કરો, આરતી કરો. પોતાના ઈષ્ટદેવની, પોતાના ગુરુદેવની માનસિક રીતે થાય એ નવધાભક્તિ કર્યા કરવી. પ્રભુએ આપણને દરેકને પૂજા વ્યક્તિગત એટલે આપી કે, માનવરૂપે, સત્પુરુષરૂપે ભગવાન આપણી સમક્ષ ના હોય તો એમની પ્રતિમા એટલે કે એમની મૂર્તિઓની પૂજા-અર્ચના કરવી. પુષ્પ ના હોય તો પણ માનસીમાં અર્પણ કરો. ભગવાનને માનસીમાં પકવાન ધરાવોને ! માનસીમાં તો સરસમાં સરસ પૂજા કરવી.

**ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી.**

બીજા કોઈની ઉપાસના ના કરવી. બધા પૂજનીય છે, બધા સારા છે. જેમ સ્ત્રીએ લગ્ન કર્યું તો એના પતિ સિવાય ઘરમાં બીજા પુરુષો – સસરા હોય, દિયર હોય. બધા જમવા બેસે તો એના પતિને જ કંઈ ગળી રોટલી ખવડાવે ? બધાને ખવડાવે, બધાને માટે બનાવે. ગરમાગરમ ભજિયાં બનાવે તો એના પતિને ટાઢાં આપે, પણ પહેલાં મહેમાનને ગરમગરમ આપે. એમ મહારાજ કહે, સેવા કરો બધાની, પૂજનીય બધાને માનો, પણ જેમ સ્ત્રીએ સેવવાના તો પોતાના પતિને જ હોય, એમ આપણે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને સેવવા.

**અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે ને પતિવ્રતાપણું જાય છે ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે. માટે ભગવાનને વિષે સીતા ને રુકિમણીના જેવી ભક્તિ કરવી.**

જો આપણે બીજા દેવની ઉપાસના કરીએ તો મોટો દોષ લાગે છે ને વેશ્યા જેવી ભક્તિ થાય છે. સીતાજી ને રુકિમણી જેવી ભક્તિ એટલે રુકિમણીને બસ શ્રી કૃષ્ણ ભગવાન ને સીતાજીને શ્રી રામચંદ્ર ભગવાન હતા એમ આપણે માટે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન ને આપણા ગુરુ ! બીજા પૂજનીય, દર્શનીય, ઘરે આવે તો સેવા કરીએ, બોલાવીએ. પહેલાંના વખતમાં વૈષ્ણવોમાં આ પતિવ્રતાપણાની ભક્તિ બહુ જડબેસલાક હતી. અણસમજુ વૈષ્ણવોમાં એટલી બધી જડતા હતી કે, પોતાના ઈષ્ટદેવ વિષ્ણુ ભગવાન સિવાય, કૃષ્ણ ભગવાન સિવાય કોઈનું નામ પણ ના લેવાય. 'બ્રહ્મસંબંધ' ના બાંધ્યો હોય તો એના ઘરે પાણી પણ ના પિવાય. કોઈ વૈષ્ણવ બહેન દરજીને ત્યાં કપડાં સિવડાવવા

જાય ને કોઈ રસ્તામાં પૂછે કે, 'ક્યાં જઉં છું ?' તો કહે, 'કપડાં સંધાવા જઉં છું.' શું કહે ? 'કપડાં સંધાવા' 'સિવડાવવા'માં 'શિવ' આવ્યા ને ! શિવનું નામ ના બોલાય. કારણ કે, પોતાની અણસમજણથી માનેલી પતિવ્રતાની ભક્તિ ! શ્રીકૃષ્ણ ભગવાન સિવાય કોઈનું નામ ના બોલાય.

સ્વામિનારાયણ ભગવાને સુધારો એ કર્યો કે, એમણે બધા દેવોને પધરાવ્યા. નરનારાયણ દેવ પધરાવ્યા, લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા, રાધારમણ દેવ પધરાવ્યા, ગોપીનાથજી પધરાવ્યા; આ બધા ભગવાનના અવતારોને પધરાવ્યા. બધા પૂજનીય છે, દર્શનીય છે, પણ ઉપાસના આપણા ઇષ્ટદેવની હોય. એમની સ્મૃતિ, એમને રાજી કરવાનો ભાવ, એમના થઈને જીવન જીવવાનો આલોચ ! બાકી, તમે બધાની સેવા કરો, બધાને બોલાવો, હસીને બધા સાથે વાત કરો. મહારાજ કહે, એ તો કરવાનું છે અને આ સાચી ભક્તિ છે. અને પછી તો બધામાં પ્રભુનાં દર્શન કરવાનાં છે - 'જ્યાં જુઓ ત્યાં રામજી, બીજું ના ભાસે રે.' એટલે પતિવ્રતાનો પહેલો પાયો જડબેસલાક હોય, જેને નિષ્ઠા કહેવાય ! પોતાના ઇષ્ટદેવને વિષે સોલિડ નિષ્ઠા અને એમની ભક્તિ; એ બે જડબેસલાક હોય પછી ભગવાન કહે, આપોઆપ બધું ખૂલતું જશે.

વૈષ્ણવ સમાજના આચાર્યો પણ ખરેખર વૈષ્ણવ સમાજને સરસ રીતે લીડ કરી, એક સંવાદિતા ઊભી કરી રહ્યા છે. આપણે સ્વામિનારાયણને ત્યાં તેઓ ઉત્સવોમાં આવે છે, આશીર્વાદ આપે છે. બધાં મંદિરોમાં જાય છે, દર્શન કરે છે. બધા ભક્તો સાથે હળે-મળે છે. તેના કારણે જેમ શિક્ષણ વધ્યું, જ્ઞાન શુદ્ધ થવા લાગ્યું એમ આ જૂની ભદ્રંભદ્રતાઓ ઓછી થવા માંડી. સર્વ ધર્મોમાં સંવાદિતા વધી રહી છે.

નહીં તો ભગવાન જે કહેવા માગતા હતા એ સમજ્યા વગર સ્વામિનારાયણ ભગવાને 'બીજા દેવની ઉપાસના ન કરવી' એવું કહ્યું તો પછી સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈ જ નહીં, એવું નહીં. મહારાજ એવું નથી કહેવા માગતા. આપણા હૈયામાં, આપણા ઇષ્ટદેવ સિવાય કોઈનો ભાર ના પડે. કંઈ થાય તો આપણા ઇષ્ટદેવને જ ભજન-પ્રાર્થના કરીને એમને જ ઉપાયભૂત કરાય. આપણા ઇષ્ટદેવ જે કરી રહ્યા છે, તે મારા રૂડા માટે કરી રહ્યા છે, એવી જડબેસલાક નિષ્ઠા હોય. કંઈ પણ થાય તો એમાંથી બહાર નીકળવા ઇષ્ટદેવે આપેલો 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ થાય-એ સિવાય કાંઈ ના થાય. આ આપણે સત્સંગી થયા. પણ બીજાના ઇષ્ટદેવ કે બીજા ભગવાનના ભક્તોને વિશે વાદવિવાદ કરીને તેમને હરાવવાની વાત કરે કે, એમના બદલે મારા ભગવાન મોટા છે, મારા ગુરુ મોટા છે; એ બધું અજ્ઞાન છે. એ બધામાં ના પડવું, મહારાજ એ સમજાવી રહ્યા છે.


**અને તે ભગવાનનું જ ધ્યાન કરવું અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું. બીજું, જે સાધુ સિદ્ધગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું.**

એવા સંતો કે જેમને ઉપાસના નથી છતાં સિદ્ધદશાને પામ્યા છે, યાદ રાખો ! માનવ શરીરમાં એટલી બધી શક્તિઓ છે, એટલો બધો પાવર છે કે, એને જો ખીલવવામાં આવે તો માણસ આરપાર જોતો થઈ જાય, મારું-તમારું મન વાંચતો થઈ જાય, મારા-તમારા ભૂતકાળ-ભવિષ્યનું કહેતો થઈ જાય; એવા ઘણા સિદ્ધો છે. તો એમનું ધ્યાન ના કરવું.

**અને સર્વને પોતપોતાના વર્ણાશ્રમધર્મને વિષે દઢપણે વર્તવું.**

વર્ણાશ્રમમાં ત્યાગીને ત્યાગીના ધર્મ ને ગૃહસ્થને ગૃહસ્થના ધર્મ ! વર્ણાશ્રમ પાછા બીજા પણ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર. વર્ણ પ્રમાણે આશ્રમ આપ્યા હતા, પણ એ બધું અત્યારે ઊડી ગયું છે. અત્યારે બ્રાહ્મણોય નોકરી કરતા થઈ ગયા છે. બ્રાહ્મણ હોય ને ડૉક્ટર થઈને ઑપરેશન કરતા થઈ ગયા છે. પછી મહારાજે બે આશ્રમ રાખ્યા - ત્યાગાશ્રમ ને ગૃહસ્થાશ્રમ ! ગૃહસ્થોએ સરસ ઘર વસાવવું, સરસ રહેવું, પોતાનાં દીકરા-દીકરીઓને સરસ ભણાવવાં-એવું બધું સરસ કરવું. ને ત્યાગીઓએ ભગવાનને રાખવા, બીજી પળોજણ નહીં કરવાની. ભગવાન રાજી થાય એવી જ વસ્તુઓ આપણી પાસે રાખવી છે. બાકી, ભગવાનને

આપણા હૈયામાં,
આપણા ઇષ્ટદેવ સિવાય કોઈનો ભાર ના પડે.
કંઈ થાય તો આપણા ઇષ્ટદેવને જ ભજન-પ્રાર્થના કરીને
એમને જ ઉપાયભૂત કરાય.
આપણા ઇષ્ટદેવ જે કરી રહ્યા છે, તે મારા રૂડા માટે કરી રહ્યા છે,
એવી જડબેસલાક નિષ્ઠા હોય.
કંઈ પણ થાય તો એમાંથી બહાર નીકળવા
ઇષ્ટદેવે આપેલો 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ થાય.





**ભગવાનને સદાય સાકાર, પ્રગટ અને દિવ્ય છે એવું મનાવતા હોય ને ભગવાન, આવા સંતો ને ભક્તોનો મહિમા વધારતા હોય; એ જ જ્ઞાનમાં આપણી સૂઝ પડે, બાકી બીજો સ્વીકાર જ ના થાય. ભગવાન રાજી થાય, ભગવાનનો મહિમા સમજાય, ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા અર્થે જે કંઈ થાય એવું બધું સ્વીકાર થાય. એને જડબેસલાક નિષ્ઠા કહી.**

ના ગમે એવી કોઈ વસ્તુની આપણે જરૂરિયાત નથી. ત્યાગીને ઓછામાં ઓછી જરૂરિયાત અને વધારેમાં વધારે ભગવાનના થઈને જીવન જીવવાનો આલોચ, આ ત્યાગાશ્રમ ! અને ગૃહસ્થોએ બધાની સેવા માટે, બધા આવે ત્યારે તેમની આગતા-સ્વાગતા માટે બધું વસાવવાનું, પણ ભગવાન રાજી થાય છે એવો ભાવ રાખીને ગૃહસ્થ તરીકે જીવન જીવવાનું.

અમે સાધુઓ ભાતભાતનું બધું લઈને-થેલા લઈને નીકળીએ એટલે અમારે પળોજણ એ થાય કે, મારો થેલો ક્યાં ગયો ? મારો મૉબાઈલ ક્યાં ગયો ? આપણે ભગવાનમાં રહેવાનું એટલે ઓછામાં ઓછી જરૂરિયાત હોવી જોઈએ. શી જરૂરિયાત છે ? જ્યાં જઈએ ત્યાં હરિભક્તો આપણી પાસે સત્સંગ કરતા હોય છે અને આપણું ખાવાપીવાનું તો તેઓ ગોઠવતા હોય છે. એટલે એ પળોજણમાં આપણે પડવાનું જ નહીં. ઍરોપ્લેનનું સૂત્ર છે : 'Less Luggage More Comfortable.' તમે જુઓ, પ્લેનમાં ખાસ કરીને દુબઈથી બેસે ત્યારે જોવા જેવું હોય. બેગો તો ભરાઈ ગઈ હોય પણ પછી વધ્યું હોય તે થેલામાં નાખે. બેય બગલમાં એક-એક થેલો હોય. પછી પ્લૅનમાં આવે ત્યારે સીટ નાની હોય અને સીટ નીચે ઓછી જગ્યા હોય એટલે થેલા ક્યાં મૂકે ? લૉબીમાં તો ઍરહૉસ્ટેસ મૂકવા ના દે. એટલે થેલા ખોળામાં લઈને બેસે કાં પગ આગળ મૂકે. એટલે આખી લાંબી મુસાફરી અસુવિધાવાળી બની જાય. પણ શું થાય હવે ? રાગ એટલે. એમ સાધુને ભગવાનમાં રહેવાનું, બાકી 'Less Luggage More Comfortable' સાધુને ઓછામાં ઓછી જરૂરિયાત અને ઓછામાં ઓછી ટેવ હોવી જોઈએ. મળ્યું તો ઠીક છે અને ના મળ્યું તો ભગવાનની ઈચ્છા ! આ પ્રકારે સાધુનું જીવન ફકીર જેવું હોવું જોઈએ. એને આ જોઈશે ને તે જોઈશે એવું હોય જ નહીં. ભગવાનમાં રહેવા સિવાય મારે કાંઈ જોઈતું નથી. અને એવો જો સાધુ હશે, તો એ સાધુ ટૅન્શન ફ્રી હશે. એટલે ત્યાગીને ત્યાગીની રીતે વધુમાં વધુ ભગવાનમાં રહેવાનો અને સેવા કરતા ભક્તોને વધુમાં વધુ પ્રભુ આપવાનો આલોચ - આ બે હોવું જોઈએ.

**બીજું, આ જે અમારી આજ્ઞા છે તેને જે પુરુષ દઢપણે પાળશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે નારદના જેવી દઢ ભક્તિ થશે. અને આ અમારી આજ્ઞાને જે સ્ત્રી માનશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ થશે. અને આ અમારા વચનને જે નહીં માને તેની ભક્તિ વેશ્યાના જેવી થશે.**

મહારાજ કેવા શબ્દો વાપરે છે! આપણને જાગ્રત કરે છે. નિષ્ઠા રાખજો, દઢ પતિવ્રતાપણું રાખજો ને ફાસફુસિયા આવી વાતો કરનારા, એવાં ચોપનિયાં, પુસ્તકો, ગ્રંથો એને ધ્યાનમાં જ નહીં લેતા. ભગવાનને સદાય સાકાર, પ્રગટ અને દિવ્ય છે એવું મનાવતા હોય ને ભગવાન, આવા સંતો ને ભક્તોનો મહિમા વધારતા હોય; એ જ જ્ઞાનમાં આપણી સૂઝ પડે, બાકી બીજો સ્વીકાર જ ના થાય. આપણા મગજમાં ભગવાન રાજી થાય, ભગવાનનો મહિમા સમજાય, ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા અર્થે જે કંઈ થાય એવું બધું સ્વીકાર થાય. એ સિવાયનું કશું સ્વીકાર ના કરે, આપણું મગજ જ ના પાડી દે, એને જડબેસલાક નિષ્ઠા કહી.


મહારાજે બધા ભક્તોને કાગળ લખ્યો કે, તમે બધા બહાર ફરો છો, ઘણા બધાને મળો છો, ઘણા બધાની વાતો સાંભળો છો, ઘણું બધું વાંચો છો, ઘણા બધાનો સમાગમ કરો છો; પણ એમાં કાળજી આટલી રાખજો કે, આવું કંઈ આવે એનો સ્વીકાર નહીં કરવાનો. ભગવાન સદાય સાકાર, પ્રગટ, કર્તાહર્તા છે અને એમના સંબંધવાળા સૌ નિર્દોષ ને દિવ્ય છે. એ માનીનતામાંથી ચલિત કરાવે એવાની કોઈ વાતનો સ્વીકાર નહીં, એ જ્ઞાન !

**સંવત ૧૮૭૮ના માગશર વદિ ૧૪ને દિવસ લખ્યો છે. એવી રીતે કાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલાવ્યો.**

મહારાજે કેવી કૃપા કરી ! કેટલું બધું ધ્યાન રાખે છે આપણા બધાનું ! એમાં આપણે સૌ ફાવી ગયા છીએ.

બોલો શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆











**પરબ્રહ્મ** પુરુષોત્તમ 'સહજાનંદ'
આ બ્રહ્માંડે પ્રગટ થયા તે ધરા ધન્ય થઈ
પરબ્રહ્મનાં દર્શન સૌને થાય ને ધન્ય થાય
તે દિવ્ય હેતુ સાથે 'અક્ષરબ્રહ્મ'ને સાથે લાવ્યા
'ગુણાતીત' મૂળ અક્ષર સ્વરૂપે બ્રહ્માંડે પધાર્યા.
અક્ષર સહિત પુરુષોત્તમનું યુગલ સ્થપાયું
બ્રહ્મ પરબ્રહ્મનાં એક સાથે દર્શન થયાં
બંને એકરૂપ... અદ્વૈતભાવનાં જીવન
સહજાનંદનાં ગુણ ઐશ્વર્ય ને પ્રતાપ
તે જ ગુણાતીતનાં... છતાંય દાસ... દાસના દાસ.
કેવળ તૂ હી તૂ હીનાં દિવ્ય જીવન – દર્શન.
અદ્વૈતભાવનાં ધારક સ્વરૂપો અખંડ પ્રગટ...
તે વરદાન શ્રીજીનાં... શાશ્વત રહ્યાં
જ્યારે જ્યારે જન્મ મળ્યો ત્યારે આશરો થયો–
કર્યો તે સૌ સંબંધવાળા... બહુ મોટા.
તેઓનો દાસત્વભાવ ધારવો તે સાધના થઈ.
તેવું દિવ્ય જીવન જીવતા કરે ને ધન્ય કરે
તેવાં સ્વરૂપો અખંડ પ્રગટ રહ્યાં
ગુણાતીત... પૂર્ણ દાસત્વનાં દર્શન કરાવ્યાં
આપણને યોગીબાપા સ્વરૂપે પ્રાપ્ત થયા
કૃપા કરી આપણને ખોળે લીધા સ્વીકાર્યા
પોતે જીવ્યા તે આ સૌ મારાં જીવન જીવે
અમારાં આ સૌ તે ગુણાતીતભાવે જીવન જીવે
તેવા શુભ સંકલ્પ કર્યા ને પ્રેમે પલાળ્યા.

**હે શાસ્ત્રીજી મહારાજ !**

આપ તો સાક્ષાત્ કૈવલ્યમૂર્તિ છો
આપના સંબંધવાળા પણ કૈવલ્યમૂર્તિ મનાય.
સંબંધવાળા... હાલાપોલા પણ માથાના મુગટ મનાય
જીવન સમગ્ર પોતે જીવ્યા ને સૌને જીવતા કર્યા.
પ્રેમથી પોષ્યા... સમજાવ્યા ને દાસત્વ દઢ કરાવ્યું.
તે દાસત્વે જીવન તે પ્રગટ પ્રત્યક્ષનું યથાર્થ દર્શન.
તેવાં દિવ્ય સ્વરૂપો પ્રગટ રહ્યાં ને સૌને સ્વીકાર્યાં
આપણને 'સાહેબજી' સ્વરૂપે મળ્યા ને મનાયા.
યોગીબાપાને ગમતું જ જીવન પ્રતિપળ
ગુણાતીત સિદ્ધાંતે વર્તન પ્રતિક્ષણ.
સૌની સાથે કેવળ સંબંધે જ વ્યવહાર
બુદ્ધિથી પેલેપાર આત્મસંબંધે સૌનો સ્વીકાર
સૌને પ્રેમે સ્વીકાર્યા... ને યોગી આપ્યા.
યોગીનો રાજીપો કમાવા દૃષ્ટિ આપી બળ પૂર્યાં
ક્ષણ પ્રતિક્ષણ જાગૃત રહેવા જ્ઞાન ને સમજ દીધાં
તે 'સાહેબજી' જેમ જેમ આતમે સ્વીકારાતા ગયા
જેમ જેમ તે સ્વરૂપમાં પૂર્ણ દિવ્યભાવ થતો ગયો
તેમ તેમ દોષ ટળતા ગયા... નિર્દોષ થતા ગયા
યોગીજીને માન્યા તેવા જ સંબંધી સર્વને સાહેબજીએ સ્વીકાર્યા
તો આપણને યોગીસ્વરૂપે ગુણાતીતરૂપે સુખ દે છે.
શરદપૂર્ણિમા... મંગલદિને... પ્રાર્થના !
હે પ્રભુ ! હે સાહેબજી ! આ તમારાં જે તે સૌના અમે 'દાસ'
આપમાં જ અખંડ અમારી વૃત્તિ સ્થિર કરો !
આપ ને યોગી... આપ ને ગુણાતીત એકરૂપ
તે પરમ સત્ય રોમ રોમ પ્રગટાવી જીવતા કરો 'સાહેબદાદા !'

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

સાધુ શાન્તિદાસના
જય સ્વામિનારાયણ.

૨૯.૧૦.૨૦૨૦, શરદપૂર્ણિમાની આગલી રાત્રિ-પરોઢ.



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ-૨૭, 'ભગવાન અખંડ નિવાસ કરી રહે તેવી સમજણનું'નું નિરૂપણ
૨૨ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

(ગતાંકથી ચાલુ...)

'સર્વ પ્રકારે નિવાસ કરીને રહ્યા છે' એટલે એમને બધા રોગની દવા કરતાં પણ આવડે છે. પણ સાહેબદાદા કહે છે એ પ્રમાણે, આપણી મુશ્કેલી એ છે કે, કોઈને લાલ રંગની દવા આપે અને આપણને લીલા રંગની દવા આપે એટલે તરત પૂછીએ છીએ કે, 'એને લાલ રંગની દવા અને મને લીલા રંગની દવા ?' પણ એને લાલ રંગની દવાથી રોગ મટે એવો છે અને તને લીલા રંગની દવાથી રોગ મટે એવો છે. દવા કોણે આપી ? અને તેં કેટલી લીધી-પીધી ? એના ઉપર રોગ ટળવાનો મુખ્ય આધાર છે.

બધા ભગવાન ભજે છે, પણ પ્રાપ્તિમાં ફેર પડી જાય છે. પ્રાપ્તિમાં ફેર કેવી રીતે પડે છે ? એ અનેક 'વચનામૃત'માં અનેક ઠેકાણે સ્વામિનારાયણ ભગવાને અલગ અલગ રીતે સમજાવ્યું છે. પણ અહીંયાં તો 'ભગવાન અખંડ નિવાસ કરીને રહે' એવા પાત્રનું દર્શન ભગવાન કરાવે છે. એટલે કહે છે કે, 'આવી સમજણ રાખીને જે જીવે છે તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે', અને તેની વિગત પ્રભુ હવે આપે છે.

ભગવાને આપણા શરીરમાં એવું મિશ્રણ બનાવી દીધું છે કે, આપણામાં ત્રણેય ગુણના ભાવ રહ્યા છે. જે સમયે જે ગુણનો પ્રભાવ હોય તે સમયે તેવું વર્તન માણસ કરે છે. અને ત્રીજું, ભગવાનની સાથે જોડાઈએ ત્યારે સમજણ, પ્રીતિ અને દાસત્વ - એટલે કે વિશ્વાસ; એ ત્રણનું મિશ્રણ પણ આપણામાં છે. ક્યાંક સમજણ પ્રધાન હોય, ક્યાંક પ્રીતિ પ્રધાન હોય અને ક્યાંક વિશ્વાસ પ્રધાન હોય - દાસત્વભાવ હોય, શરણાગતભાવ હોય. દરેકને પોતપોતાના અંગનો-પ્રકૃતિનો ભાવ છે. અહીંયાં મહારાજ સમજણની વાત કહે છે અને સમજણમાં ફેર પડી જાય છે એટલે પણ પ્રાપ્તિમાં ફેર પડી જાય છે, તે ભેદ સમજાવે છે.

પ્રીતિવાળામાં પણ સમજણ હોય છે. પ્રીતિવાળો જેટલો સમજણેયુક્ત પ્રેમ કરે એટલી એને ગરબડ ઓછી થાય, એટલા વિક્ષેપ ઓછા આવે. વિશ્વાસવાળો પણ જેટલો સમજણેયુક્ત વિશ્વાસ કરે એટલી એને તકલીફ ઓછી થાય. સૌથી વધારે જો અભાવ આવતો હોય તો એ સમજણવાળાને આવે છે. કારણ કે, એ બહુ સમજે છે, એને બધું ખબર છે અને સામેવાળા સાવ બુદ્ધુ છે, એમને કાંઈ ખબર નથી પડતી એવું સમજે છે; એટલે એમને સમજાવવાનો પ્રયત્ન કરે છે. અને પેલોય સામે એવો જ છે કે, સમજવા જ રાજી નથી. શું કરવા સમજે ? કારણ કે, એનું સમજણનું અંગ નથી. એ પ્રીતિના અંગવાળો છે. એ વિશ્વાસના અંગવાળો છે. આ નવનું મિશ્રણ કરીને ઈશ્વરે દરેકની અંદર એવું નાખી દીધું છે કે, સમયે સમયે જે પ્રમાણે જેનો પ્રભાવ હોય તે પ્રમાણે તે જીવ વર્તે છે. સમજણમાં ફેર પડી જાય છે એટલે પ્રાપ્તિમાં ફેર પડી જાય છે.

ભગવાન અખંડ નિવાસ કરીને રહે એવા જો સાધુ થવું હોય, એવા જો સત્સંગી થવું હોય તો સંન્યસ્ત આશ્રમ હોય કે ગૃહસ્થ આશ્રમ હોય, ભગવાનને ધારવાનો સૌનેય માટે સરળ માર્ગ છે. આજના કેલેન્ડરમાં ભગતજી મહારાજનું સૂત્ર છે કે, 'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે ને અંતરમાં ટાઢું જોઈને મોટા પુરુષ રાજી થાય, ને જેની ઉપર મોટા પુરુષ રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય.' એટલે પછી હૈયામાં સુખ, શાંતિ, આનંદ, બ્રહ્માનંદ, સહજાનંદ સદાય વર્તે. ભગતજી

મહારાજ ગૃહસ્થ અને વ્યવસાયે દરજી હતા, પણ તેઓએ ગુણાતીતાનંદ સ્વામીનો રાજીપો પ્રાપ્ત કર્યો તો ભગવાન હાથવગા થઈ ગયા.

શરીર સંબંધી જે કંઈ પણ ક્રિયાઓ કરીએ ત્યારે ભગવાનની સ્મૃતિ, ગુરુની સ્મૃતિ કરીએ. ન્હાવાની ક્રિયા થતી હોય ત્યારે 'હે મહારાજ, ન્હાવ! હે ગુરુદેવ, ન્હાવ !' જમવાની ક્રિયા થતી હોય ત્યારે 'હે મહારાજ, જમો ! હે ગુરુદેવ, જમો !' આમ, પંચ ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા ક્રિયા હું કરું છું, પણ મારા ગુરુની, મારા પ્રભુની સ્મૃતિએ સહિત કરું છું ; એ ભાવ શીખવાનો છે. આ ભજન કરતાં કરતાં ક્રિયા થઈ ! બાઈ ઘરમાં કામ કરતી હોય, ભાઈ ધંધો-વેપાર-વ્યવહાર કરતો હોય ત્યારે, 'એમાં મારા ગુરુ ને મારા પ્રભુ રાજી થાય એટલે કરું છું, અને એમને ના ગમે એવું મારાથી થઈ જ ના શકે'; એવું અનુસંધાન રાખીને કરે છે તો એ ભજન કરતાં કરતાં ક્રિયા થઈ ! અને આવી ક્રિયા થતી હોય તો હૈયાને વિશે અખંડ શાંતિ વર્તે છે. આ બધી વાતો બહુ વખત સાંભળી છે, બહુ વખત વાંચી છે ; હવે એને આચરણમાં મૂકવાનો સમય પાકી ગયો છે.

તો સ્વામિનારાયણ ભગવાન અહીંયાં સર્વ પ્રકારે નિવાસ કરીને રહે એની વિગતે સમજણ આપે છે કે, એની સમજણ કેવી છે ? કોનામાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે ? એની વાત કરે છે. અને હવે ભગવાન જે કહે છે, એ સાહેબદાદાને ધારીને, એમની મૂર્તિનું ચિંતવન કરીને, એમના સ્વરૂપ પર લગાવીએ. સાહેબદાદાને આપણે ખાતા-પીતા, હરતા-ફરતા, હસતા-રમતા, આપણને વહાલ કરતા-વઢતા; બધી રીતે જોયા છે, અનુભવ્યા છે. તો સૌથી પહેલું ભગવાન એમ કહે છે કે, 'જે એમ સમજતો હોય', એટલે કે, સાહેબદાદા શું સમજે છે ? હું સમજું છું-એ તો મારી સમજણ છે અને એ સંપૂર્ણ નથી, એ તો આપણે જાણીએ જ છીએ; પણ મોટા પુરુષને વિશે આપણે આ શબ્દોનું આરોપણ કરીએ.

**જે એમ સમજતો હોય જે, 'આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દસ ઇન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે.'**

સાહેબદાદા, યોગીબાપા એમના હૈયામાં પધાર્યા તે ઘડીથી 'મારા જીવનમાં જે કંઈ પણ થઈ રહ્યું છે, કરી-કરાવી રહ્યા છે, તે મારા પ્રભુ, મારા ગુરુ જ કરી-કરાવી રહ્યા છે' એવી દૃઢતાથી ભડકેલી ભેંસની સામે ઊભા રહ્યા. આપણે એ રીતે મહિમાની દૃષ્ટિએ જોઈએ તો, ભક્તની શ્રેષ્ઠ સમજણ - 'કર્તા ને હર્તા પ્રભુ છે.' કયા પ્રભુ ? પરોક્ષભાવના પ્રભુ નહીં, પણ મને મળ્યા એ ! અને એવો ફુલારો દાદુકાકામાં હતો.

'જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે.' બધી યોનિઓમાં, બધી રીતે પ્રજાની ઉત્પત્તિ - આપણો સૌનોય જન્મ જળના બિંદુમાંથી થાય છે, એમ સ્વામિનારાયણ ભગવાને મર્યાદાપૂર્વક શબ્દપ્રયોગ કર્યો છે. કેટલું મોટું આશ્ચર્ય છે ! ઈશ્વરે કેવી અદ્ભુત રચના કરી છે ! પણ આ બધી રચના કરનાર કોણ છે ? પેલા આકાશમાં છે એ છે ? અહીં બહુ સ્પષ્ટ શબ્દોમાં સ્વામિનારાયણ ભગવાન કહે છે, 'મને મળ્યા એવા જે ભગવાન તેનું કર્યું જ બધું થાય છે.' અને એટલે જ તો ભક્તને કાંઈ દુઃખ પડે, કાંઈ કષ્ટ પડે તો દોડીને એમની પાસે જાય છે.

ગઈ કાલે આપણે યોગીબાપાને યાદ કર્યા હતા. કોઈ કહે, 'બાપા ! વરસાદ નથી વરસતો.' તો કહે, 'કરો ધૂન.' યોગીબાપા ધૂન કરાવે એટલે વરસાદ વરસે. પછી વરસાદ બહુ વરસે ને થાય કે, હવે લીલો દુકાળ પડશે ને પાક બધો કહોવાઈ જશે, એટલે પાછું બાપાને કહે, 'બાપા ! બહુ વરસાદ પડે છે.' બાપા કહે, 'કરો ધૂન.' એટલે પાછો વરસાદ વરસતો બંધ થઈ જાય. આપણે એટલું તો માનતા હતા કે, યોગીબાપાની ધૂનથી, એમની ઇચ્છાથી, તેઓ આશીર્વાદ આપે, તેઓ ધબ્બો મારે તો આપણું કામ થઈ જાય. આજે અમે સત્સંગમાં ગામોગામ વિચરણ કરીએ ત્યારે કોઈ ને કોઈ એવો ભગત મળી જાય છે ને એમ કહે છે કે, 'મેં યોગીબાપાનો ધબ્બો ખાધેલો.' આજે એને આટલાં વર્ષો પછી પણ યોગીબાપાનો ધબ્બો યાદ છે. આ યોગીબાપાની બ્રહ્મસ્વરૂપ અવસ્થાનું દર્શન છે ! આ એમનામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અખંડ નિવાસ કરીને રહ્યા હતા ! પણ આમ આપણે જોઈએ તો, એવા ને એવા યોગીજી મહારાજ અત્યારે પણ સદેહે વિચરી રહ્યા છે. ક્યાં કંઈ ભેદ છે ? એ સમજાવવા માટે આ વાત કરું છું.

**એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે, એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈએ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહીં.**

શું માને અને શું ના માને, એની પણ વિક્તિ કરીને મહારાજે એકદમ ચોખ્ખી સમજણ કરી આપી.

**અને 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે' એમ સમજે.**

જોજો હોં, 'મને મળ્યા' એ શબ્દપ્રયોગ દર વખતે આવે છે. સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ પ્રમાણ ! 'પ્રમાણ' શબ્દ પણ બહુ અગત્યનો શબ્દ છે. હવે જે ક્વૉલિટિઝ છે એની વાત આવે છે. પહેલી તો ભગવાનની વાત આવી. ભગવાનની શક્તિ, સામર્થી, ઐશ્વર્ય-પ્રતાપ, કર્તા-હર્તાપણાનો ભાવ; એ મને મળ્યા એ પ્રત્યક્ષ ભગવાન માટે છે.

**અને વળી પોતે એમ જ સમજતો હોય જે, 'ચાયે કોઈ મારી ઉપર ધૂડ નાંખો**

તમારી ઉપર કોઈ ધૂળ નાખે એટલે છેલ્લી કક્ષાનું અપમાન. કોઈ કંઈ કહી જાય, ધક્કો મારી જાય, બીજું-ત્રીજું કંઈ કરી જાય, પણ તમારા માથા ઉપર ધૂળ નાખે એટલે કે, છેલ્લી કક્ષાનું અપમાન કરે તો કેવું લાગે ? માન મળે એવી અપેક્ષા હોય અને બધા ભક્તો એ અપેક્ષા પૂરી કરતા હોય, એટલે માન લેવા માટે એ ટેવાઈ ગયેલો હોય. અને હવે એનું અપમાન થાય તો કેવું લાગે ? મરવા જેવું લાગે કે ના લાગે ? સમજજો હોં !

**ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક, કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે.**

કેવી સમજણ છે ? સાહેબદાદાના મુખમાં આ શબ્દો આપણે મૂકીએ છીએ. સાહેબદાદાને અમે આવી બધી કપરી કસોટીમાંથી, સંજોગોમાંથી હસતા મોંઢે જીવતા અને અમને સૌનેય પણ હસાવતા અમે અમારા જીવનકાળ દરમિયાન અનુભવ્યા છે. એવા બધા ભાવ આપણા હૃદયને વિશે આવે કારણ કે, આપણે તો માનની, પ્રશંસાની અપેક્ષાથી બધું કર્યું હોય અને એને બદલે અવળું પરિણામ આવે અને અપમાન કરે, ધૂળ નાખે ને પાછું નાક-કાન કાપીને ગધેડે બેસાડે. આખા ગામ વચ્ચે આપણી આબરૂ કાઢે. ગામમાં આબરૂદાર માણસ હોય તો એને તો એમ થાય કે, આના કરતાં તો મરી જવું સારું. એને મરવા જેવું લાગે. આવા વિકટ સંજોગો આવે તો મરવાનો વિચાર આવે એટલે આપઘાત કરે. એટલે એ તો શરીર મર્યું, દેહ મર્યું, પણ દેહનો ભાવ ગયો નહીં. એટલે સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં આજ્ઞા કરી કે, 'આપઘાત કરવો નહીં.' પણ જો દેહનો ભાવ ટળી જાય તો પછી માન-અપમાન જેવું કંઈ અડે જ નહીં. હું દેહ નથી, આ તો પરબીડિયું છે અને હું તો આત્મા છું. જેને આપણે દેહાતીત અવસ્થા કહીએ છીએ, ગુણાતીત અવસ્થા કહીએ છીએ - એને સમભાવ છે.

'ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આ ભાવનું આછું દર્શન કરાવ્યું છે. સ્થિતપ્રજ્ઞ અવસ્થા ! જેની પ્રજ્ઞા - પ્રજ્ઞા એટલે દિવ્ય થયેલી બુદ્ધિ ! જેની પ્રજ્ઞા ભગવાન શ્રીહરિના ચરણોમાં સ્થિર થઈ ગઈ છે, તેને કહેવાય સ્થિતપ્રજ્ઞતા ! સ્થિતપ્રજ્ઞતા એટલે જડતા નહીં. ગમે એટલું કહીએ, સમજાવીએ, શિખવાડીએ તોય કશો સુધારો ના આવે, કાંઈ ફેરફાર ના થાય એ સ્થિતપ્રજ્ઞ દશા નથી. પણ, જેમની પ્રજ્ઞા - બુદ્ધિ દિવ્ય થઈને શ્રીહરિના ચરણોમાં સ્થિર થઈ છે, જેમને સર્વ ઠેકાણે શ્રીહરિનાં જ દર્શન થાય છે, અને એ ભાવથી જ સર્વને જુએ છે, જાણે છે ને માણે છે ; અને એટલે જ તો એ સૌની સાથે રસબસ થઈ શકે છે. એમને મન ગમતાં ને નહીં ગમતાં છે જ નહીં, કોઈ ભેદ નથી. એમની પ્રજ્ઞા સ્થિર થઈ ગઈ છે એટલે એમને બધે જ ભગવાન જ દેખાય છે. ને તેમ છતાંય તે કોઈકને પ્રેમ કરે છે-કોઈકને વઢે છે, કોઈકને વધારે આપે છે-કોઈકને ઓછું આપે છે ને કોઈકને કશુંય નથી આપતા; એટલે આપણને એમનામાં મનુષ્યભાવ દેખાય છે. આ બહુ અઘરી પરીક્ષા છે. પણ તેઓ તો સ્થિતપ્રજ્ઞ છે. તેમને તો સમભાવ - સરખો ભાવ છે. સાહેબ એટલે ? મહિમાનો અસ્ખલિત પ્રવાહ, અખંડ પ્રવાહ ! દિન-પ્રતિદિન વધતો જાય, ઘટતો ના જાય એટલો મહિમા ! એટલે સાહેબદાદા માહાત્મ્ય સ્વરૂપ છે, માહાત્મ્ય સમ્રાટ છે ! આવા ક્યારે થવાય ? સમભાવ થયો હોય તો !

**તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે ; તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે.**

'ગઢડા મધ્યનું ૩૦ વચનામૃત - સોનું ને સ્ત્રી બંધન ના કર્યાનું.' સ્ત્રી અને ધન બંધન કરી શકે નહીં. આ સંસારને બાંધી રાખવા માટેનું ઈશ્વરે સર્જેલું બહુ મોટું પરિબળ છે, એક સ્ત્રી અને બીજું ધન. આ બે ના હોય તો જીવવાની મજા આવે ? તમે જ કહો. પછી જીવવાનું શું ? અને કોના માટે જીવવાનું ? મજા ત્યાં જ છે. અને સાધુને માટે કહ્યું, સ્ત્રી અને ધન એ બે એને માટે બંધનકારી બનતાં નથી, પણ એ એને મોક્ષ પ્રાપ્ત કરવાનાં સાધન તરીકે વાપરી જાણે છે. એમ, આવા જે સાધુ છે જેને આ બધી બાબતોમાં સમભાવ છે, એને સ્ત્રી અને ધન બંધનકારી નથી. કારણ કે, એને બંને સરખું છે. સુવર્ણનો ઢગલો હોય કે પથ્થરનો ઢગલો હોય એને મન સરખું છે. એટલે શું એમને પારખતાં નહીં આવડતું હોય કે, આ પથરા છે અને આ સોનું છે ? પથરા ને સોનાનો ભેદ તો એમને પરખાય, પણ તે છતાંય તેઓ એની વિક્તિ કરતા નથી. એમને બંનેને વિશે સમભાવ છે. એટલે કે, એનાથી એ રાજી પણ નથી અને એનાથી

નારાજ પણ નથી. એમની પાસે એમની પોતાની મસ્તી છે અને એ મસ્તીમાં જ એ મસ્ત છે. એટલે યુવાન સ્ત્રી હોય, વૃદ્ધ સ્ત્રી હોય એનું એમને આકર્ષણ પણ થતું નથી. કેવા સાધુ થવાનું ? તે માટે સાધુનાં આ લક્ષણ બતાવ્યાં છે. અને એવા સાધુ થઈએ તો એમાં ભગવાન નિવાસ કરીને રહે છે. સુપાત્ર-પાત્ર એવું ચોખ્ખું શુદ્ધ અને પવિત્ર બને તો એમાં અમૃત ભરાય.

**એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે.**

બહુ અગત્યનો શબ્દ છે - 'જે ભક્ત હોય'. અહીં 'જે સાધુ હોય' એવું નથી લખ્યું. મહારાજે આ વાત ક્યાં કરી છે ? સાધુની જાયગામાં. પણ ત્યાગી-ગૃહી, આબાલવૃદ્ધ, બાઈ-ભાઈ સૌને લાગુ પડે તેવી વાત છે. કારણ કે, આપણે સૌ ભગવાનની ભક્તિ કરીએ છીએ. તિલક-ચાંદલો કરીને, ગળામાં કંઠી પહેરીને બજારમાં નીકળીએ એટલે જગતમાં તો લોકો આપણને 'ભગત' તરીકે ઓળખે છે, જાણે છે. ભગત તો છીએ જ આપણે. અને એવા શુભ ગુણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન આવીને વસે છે, અંદર આવીને નિવાસ કરે છે. નિવાસ - નિજ વાસ - પોતાને રહેવાની જગ્યા કરે છે. અને તે કેવી રીતે નિવાસ કરે છે ? આવ્યા એ આવ્યા, હવે ત્યાંથી જવાના નહીં, હવે ત્યાંથી ખસવાના પણ નહીં.

ગુણાતીતાનંદ સ્વામીએ આપણને સમજણ પડે એવી ભાષામાં કહ્યું કે, 'ભૂત વળગે તો છોડતું નથી તો અમે શેના છોડીશું ?' વળગ્યા જ છીએ અમે તમને. અને એવા વળગ્યા છીએ કે, આજે સમજો કે લાખ વર્ષ કેડ્યે સમજો, પણ વળગ્યા એ વળગ્યા, બ્રહ્મરૂપ કરીને જ મૂકીશું. એક વાતમાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'આજે તો સર્વને બ્રહ્મરૂપ કરવા છે.' 'આજ તો' શબ્દ ફરીથી આવ્યો. મને મળ્યા અને ક્યારે મળ્યા? મને આજે - અત્યારે મળ્યા. એક બહુ સરસ સુંદર કીર્તન છે : 'તો સૌને મળશે એ સુખ આજે અને અત્યારે...' યોગીબાપા કહેતા, 'અહીંયાં કલ્યાણ રોકડું છે, વાયદો નહીં.' મર્યા પછીની વાત નહીં. છતે દેહે - ખાતા-પીતા, હરતા-ફરતા, પહેરતા-ઓઢતા, લહેરિયા મારતા - સાથે સાથે અક્ષરધામના સુખના ભોક્તા કરવાના. આ કેવી સુંદર યોજના કે, છતે દેહે અક્ષરધામની વાત કરી ! છતે દેહે - મર્યા પછીની વાત નહીં, વાયદો નહીં. આજે - અત્યારે રોકડી વાત છે.

અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. હવે તે ભક્તના ખોળિયામાં ભગવાને નિવાસ કરી દીધો. સ્વામિનારાયણ ભગવાનને પણ કેટલી બધી જીભ ઝાલીને બોલવું પડતું હશે કે, 'મારા આ ગુણાતીત સાધુમાં હું અખંડ નિવાસ કરું છું' એવી રોકડી વાત સાધુની જાયગામાં પણ કહી શકતા નથી. એટલે કહે છે કે, 'એવા ભક્તના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે.' તો એમના સમયમાં કોણ ભગવાન હતા? કે, તે આવીને નિવાસ કરવાના ? પણ, તેઓ કહેવા એમ માગતા હતા કે, 'મારું જે રહેવાનું ધામ - ગુણાતીતાનંદ સ્વામી, એમનામાં હું અખંડ રહ્યો છું.' એટલે ચાલો, આપણે લાંબે ગાળે આ સમજ્યા, પણ આપણે એ પકડી લીધું કે, ગુણાતીતાનંદ સ્વામીમાં ભગવાન અખંડ રહ્યા છે. તો પછી સાહેબનું શું ? એની વાત કરોને ? તો મારા સમયમાં સાહેબ એવા સમભાવવાળા, સમત્વભાવવાળા, એવા અનંત રૂડા ગુણે યુક્ત સાધુ છે! ભગવાન એમ કહે છે કે, 'એમનામાં અમે અખંડ નિવાસ કરીને રહ્યા છીએ.'

